સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 26

[JUNE - 2020]
[21/06/20 to 27/06/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


# MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 5

16 TO 30 JUNE - 2020

ICE®

Click Here To DOWNLOAD

## CURRENT TOPICS

- ભારતમાં પ્રવાસી શ્રમિકોને રોજગાર ઉપલબ્ધ કરાવવા 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ
- સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ
- ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ઐતિહાસિક સુધારાઓનો પ્રારંભ, ભારતમાં અંતરિક્ષ કાર્યક્રમમાં હવે પ્રાઈવેટ કંપનીઓ પણ ભાગ લઈ શકશે
- ગુજરાતમાં '10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના'ની યોજનાનો પ્રારંભ
- ભારતની તમામ શહેરી સહકારી બેન્કો RBIના સીધા નિયંત્રણ હેઠળ આવશે
- ભારતમાં રૂ. 15,000 કરોડના 'પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ'ની રચનાને મંજૂરી


WWW.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**21 JUNE, 2020 SUNDAY**

➤ **દિવસ મહિમા : જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે (Father's Day)**
**21 જૂન, (1) વિશ્વ સંગીત દિવસ (World Music Day)**
**(2) વિશ્વ યોગ દિવસ (International Day of Yoga)**
**(3) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ (World Hydrography Day)**

સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં ફાધર્સ ડેની ઉજવણી જુદા જુદા દિવસે કરવામાં આવે છે.

- જોકે ભારતમાં દર વર્ષે જૂન માસનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવાય છે.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2020માં 21 જૂનના રોજ ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારત ઉપરાંત કેનેડા, ફ્રાન્સ, જાપાન, અમેરિકા સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં ફાધર્સ ડે જૂન માસના ત્રીજા રવિવારે જ ઉજવાય છે.



**ભારતમાં કયો દિવસ કયારે ઉજવાય છે ?**

| ક્રમ | દિવસ | ક્યારે ઉજવાય છે ? |
|---|---|---|
| 1 | Mother's day | મે માસનો બીજો રવિવાર |
| 2 | Father's day | જૂન માસનો ત્રીજો રવિવાર |
| 3 | Parent's day | જુલાઈ માસનો ચોથો રવિવાર |
| 4 | Children day (બાળ દિવસ) | 14 નવેમ્બર (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન) |
| 5 | International Day of the Girl Child | 11 ઓક્ટોબર |

## વિશ્વ યોગ દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2020માં છઠ્ઠા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- કોરોના મહામારીને કારણે વર્ષ 2020માં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ ઉપરાંત અત્યાર સુધીમાં આ વર્ષે પ્રથમ વખત આ દિવસની ડિજિટલ ઉજવણી કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

નોંધ : (1) 21 જૂન 2020ના રોજ 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ગાંધીનગરના મુખ્યમંત્રી નિવાસસ્થાને યોગ અને પ્રાણાયમ કરીને આ દિવસની ઉજવણી કરી હતી.

(2) ગુજરાતમાં યોગના પ્રચાર માટે ગુજરાત સરકારે ગુજરાતના દરેક FM સ્ટેશનના એક એક R.J.ને 'યોગ એમ્બેસેડર' જાહેર કર્યા હતા.

(3) આ ઉપરાંત આ દિવસ અગાઉ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં 'યોગ કરીશું, કોરોનાને હરાવીશું' નામનું જન જાગૃતિ અભિયાન પણ લોન્ચ કર્યુ હતું.

(4) જ્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2020ના 'વિશ્વ યોગ દિવસ' અગાઉ વૈશ્વિક 'My Life - My Yoga' નામની વીડિયો બ્લોગિંગ સ્પર્ધા લોન્ચ કરી હતી.

## વર્ષ 2020ની વિશ્વ યોગ દિવસની થીમ

ગુજરાત સરકાર, ભારત સરકાર તથા યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ની 'વિશ્વ યોગ દિવસ'ની થીમ આ પ્રમાણે છે :

| ક્રમ | સરકાર/સંસ્થા | વર્ષ 2020ની થીમ |
|---|---|---|
| 1 | ગુજરાત સરકાર | યોગ એટ હોમ, યોગ વિથ ફેમિલિ |
| 2 | ભારત સરકાર | Yoga at Home and Yoga with Family |
| 3 | યુનાઈટેડ નેશન્સ | Yoga for Health - Yoga at Home |

## વિશ્વ યોગ દિવસનો ઈતિહાસ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં યોગ દિવસની ઉજવણી માટેનો પ્રસ્તાવ મૂકયો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સૌથી ઓછા સમયમાં એટલે કે ફક્ત 90 દિવસમાં જ મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ યોગ દિવસ 21 જૂનના રોજ શા માટે ઉજવાય છે ?

21 જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે. આ ઉપરાંત આ દિવસે સૂર્યની વિશિષ્ટ સ્થિતિને કારણે યોગ માટે તેનું વિશેષ મહત્ત્વ છે.

- આથી 'વિશ્વ યોગ દિવસ' તરીકે 21 જૂનની પસંદગી કરવામાં આવી છે

## ➤ ભારતમાં પ્રવાસી શ્રમિકોને રોજગાર ઉપલબ્ધ કરાવવા 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ




20 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન'નો શુભારંભ કરાવ્યો છે.

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં પ્રવાસી શ્રમિકો અથવા તો વિસ્થાપિત શ્રમિકોને રોજગાર ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ ઉપરાંત આ અભિયાનનો અન્ય એક ઉદ્દેશ ભારતના ગ્રામીણ વિસ્તારોમાં માખળાગત સુવિધાઓ વિકસાવવાનો પણ છે.

## આ અભિયાનનો ક્યાંથી પ્રારંભ થયો હતો ?

ભારતમાં બિહારના ખગરિયા જિલ્લાના બેલદોર બ્લોકના તેલીહર નામના ગામથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

- આ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના ખગરિયા જિલ્લાના તેલીહર ગામના ગ્રામજનો સાથે વીડિયો કોન્ફરન્સની મદદથી વાર્તાલાપ કરીને આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

## ભારતના કયા વિસ્તારમાં આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?

ભારતમાં કુલ 6 રાજ્યોના 116 જિલ્લાઓમાં આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતના આ છ રાજ્યોમાં બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓડિશા અને ઝારખંડનો સમાવેશ થાય છે.
- આ છ રાજ્યોમાંથી આ અભિયાન અંતર્ગત સૌથી વધુ બિહારના 32 જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **બિહાર** બાદ **બીજા** ક્રમે **ઉત્તરપ્રદેશ**ના **31** અને **ત્રીજા ક્રમે મધ્યપ્રદેશ**ના **24** જિલ્લાઓનો આ અભિયાન અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે.

**'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન'નો પ્રારંભ**

| ક્રમ | રાજ્ય | જિલ્લા | આકાંક્ષી જિલ્લા |
|---|---|---|---|
| 1 | બિહાર | 32 | 12 |
| 2 | ઉત્તરપ્રદેશ | 31 | 05 |
| 3 | મધ્યપ્રદેશ | 24 | 04 |
| 4 | રાજસ્થાન | 22 | 02 |
| 5 | ઓડિશા | 04 | 01 |
| 6 | ઝારખંડ | 03 | 03 |
| | કુલ જિલ્લા | 116 | 27 |

**નોંધ :** આ અભિયાન અંતર્ગત ભારતમાં સૌથી વધુ **બિહારના 12 આકાંક્ષી જિલ્લાઓ**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ અભિયાનની વિશેષતા

ભારતમાં COVID-19 મહામારીને કારણે પોતાના મૂળ રાજ્યોમાં પરત ફરેલા **પ્રવાસી શ્રમિકો** અથવા તો **વિસ્થાપિત શ્રમિકો**ને રોજગાર ઉપલબ્ધ કરાવવા આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ અભિયાન આગામી **125 દિવસ** સુધી ચાલશે.
- આ અભિયાન અંતર્ગત દરેક પ્રવાસી શ્રમિકને તેમની કુશળતાને આધારે આગામી **125 દિવસ**માં રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ માટે ભારતના **6 રાજ્યો**ના **116 જિલ્લાઓ**માં આગામી **125 દિવસ**માં ગ્રામીણ ક્ષેત્રોમાં ટકાઉક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે **રૂ. 50,000 કરોડ**ના વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે.
- આ 25 વિકાસ કાર્યોમાં ગ્રામીણ વિસ્તારોમાં **ફાઈબર કેબલ નાખવા** અને **ઈન્ટરનેટ સેવાઓ પૂરી પાડવાના** કાર્યોનો પણ સમાવેશ થાય છે.
- આ ઉપરાંત તેમાં પશુધન શેડ, પોલ્ટ્રી શેડ વગેરેના બાંધકામ, રોડ, રેલવે, જળસંરક્ષણ અને જળસંચયના કાર્યો, બાગાયત, વાવેતર, આવાસ નિર્માણ, કૂવા, તળાવના બાંધકામ, આંગણવાડી, પંચાયત ભવનના નિર્માણ વગેરે જેવા કુલ **25 કાર્યો**નો સમાવેશ થાય છે.

## આ અભિયાન અંતર્ગત નોડલ મંત્રાલય

ભારતમાં **કેન્દ્ર સરકાર**ના ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, માર્ગ પરિવહન, ખાણકામ....વગેરે જેવા **12 મંત્રાલયો અથવા તો વિભાગો**ના સંકલનથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

- જેમાંથી કેન્દ્ર સરકારનું **ગ્રામીણ વિકાસ મંત્રાલય** આ અભિયાન માટે **નોડલ મંત્રાલય** રહેશે.

**નોંધ :** (1) ભારતમાં **રાજ્ય સરકારો** સાથે ખૂબ જ નીકટતાપૂર્વક સંકલન સાધીને આ અભિયાનનો અમલ કરવામાં આવશે.

(2) આ માટે ભારતમાં **સંયુક્ત સચિવ અને તેનાથી ઉપરના સ્તરના** કેન્દ્રીય નોડલ અધિકારીઓને આ અભિયાનના સમયસર અને અસરકારક અમલ માટે દેખરેખ રાખવા વિવિધ જિલ્લાઓમાં નિયુક્ત કરવામાં આવશે.

## ICE Questions

1. ભારતમાં 'ફાધર્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 જૂન (B) જૂન માસનો ત્રીજો રવિવાર
(C) 22 જૂન (D) જૂન માસનો ચોથો રવિવાર **(B)**

2. ભારતમાં વર્ષ 2020માં કયા દિવસે 'ફાધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(B)**

3. નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતમાં દર વર્ષે મે માસનો બીજો રવિવાર 'મધર્સ ડે' તરીકે ઉજવાય છે.
2. ભારતમાં દર વર્ષે જૂન માસનો ત્રીજો રવિવાર 'ફાધર્સ ડે' તરીકે ઉજવાય છે.
3. ભારતમાં દર વર્ષે જુલાઈ માસનો ચોથો રવિવાર 'પેરેન્ટ્સ ડે' તરીકે ઉજવાય છે.
Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) ફક્ત 2 **(A)**

4. 'વિશ્વ સંગીત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(B)**

5. દર વર્ષે 21 જૂનના રોજ નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?
(A) વિશ્વ યોગ દિવસ (B) વિશ્વ સંગીત દિવસ
(C) વિશ્વ હાઈડ્રોજન દિવસ (D) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ **(C)**

6. 21 જૂન 2020ના રોજ કેટલામા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) ચોથા (B) પાંચમા (C) છઠ્ઠા (D) સાતમા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ના 'વિશ્વ યોગ દિવસ'ની થીમ શું છે ?
(A) Yoga for Health
(B) Yoga for Climate Action
(C) Yoga for Health-Yoga at Home
(D) Yoga for Health-Yoga for Peace
**(C)**

8. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ના 'વિશ્વ યોગ દિવસ'ની થીમ શું છે ?
(A) Yoga for Health, Yoga for Peace
(B) Yoga for Peace and Yoga at Home
(C) Yoga for Peace and Yoga with Family
(D) Yoga at Home and Yoga with Family
**(D)**

9. 'વિશ્વ યોગ દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 27 સપ્ટેમ્બર, 2014ના રોજ યુનોમાં આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.
2. 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 'યોગ દિવસ'ની ઉજવણીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
3. સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
4. 21 જૂન, 2015ના રોજ પ્રથમ યોગ દિવસની ઉજવણી નિમિત્તે પાકિસ્તાનના વડાપ્રધાન ભારતમાં નવી દિલ્હી ખાતે ઉપસ્થિત રહયા હતા.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 2, 3
**(B)**

10. 21 જૂન, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ જગ્યાએ યોગ કરીને 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરી હતી ?
(A) મહાત્મા મંદિર, ગાંધીનગર
(B) સચિવાલય, ગાંધીનગર
(C) શ્રી વિજયભાઈ રૂપાણી નિવાસસ્થાન, રાજકોટ
(D) મુખ્યમંત્રી નિવાસસ્થાન, ગાંધીનગર
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. ભારતમાં પ્રવાસી શ્રમિકોને રોજગાર ઉપલબ્ધ કરાવવા માટે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 20 જૂન 2020ના રોજ ભારતમાં કયા અભિયાનનો શુભારંભ કરાવ્યો છે ?
(A) આત્મનિર્ભર રોજગાર અભિયાન
(B) આત્મનિર્ભર શ્રમિક રોજગાર અભિયાન
(C) વડાપ્રધાન શ્રમિક રોજગાર અભિયાન
(D) ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન **(D)**

12. 20 જૂન, 2020ના રોજ ભારતમાં 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન'નો ક્યાંથી શુભારંભ કરવામાં આવ્યો છે ?
(A) તેલીહર, જિ. કટિહાર, બિહાર (B) તેલીહર, જિ.ભાગલપુર, બિહાર
(C) તેલીહર, જિ. ખગરિયા, બિહાર (D) તેલીહર, જિ.દરભંગા, બિહાર **(C)**

13. 20 જૂન, 2020ના રોજ ભારતના કેટલા રાજ્યોમાં 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) 5 (B) 6 (C) 10 (D) 12 **(B)**

14. 20 જૂન 2020ના રોજ ભારતના કયા 6 રાજ્યોમાં 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, ઉત્તરાખંડ
(B) બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, ઝારખંડ
(C) બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, છત્તીસગઢ
(D) બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, પશ્ચિમ બંગાળ **(B)**

15. 20 જૂન, 2020ના રોજ ભારતના કુલ કેટલા જિલ્લાઓમાં 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) 112 (B) 116 (C) 122 (D) 126 **(B)**

16. 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' અંતર્ગત ક્રમશઃ ભારતના કયા ત્રણ રાજ્યોના સૌથી વધુ જિલ્લાઓનો સમાવેશ થયો છે ?
(A) ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ (B) ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર
(C) બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ (D) બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**17.** ‘ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન’ અંતર્ગત કુલ 116 જિલ્લાઓમાંથી બિહારના કેટલા જિલ્લાઓનો સમાવેશ થયો છે ?

(A) 30 (B) 31 (C) 32 (D) 34 **(C)**

**18.** 20 જૂન, 2020ના રોજ ભારતમાં કેટલા દિવસ માટે ‘ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન’ લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) 116 (B) 125 (C) 150 (D) 180 **(B)**

**19.** ‘ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન’ અંતર્ગત 125 દિવસમાં ભારતમાં કુલ કેટલા રૂપિયાના જુદા જુદા 25 પ્રકારના વિકાસ કાર્યો હાથ ધરવામાં આવશે ?

(A) રૂ. 25,000 કરોડ (B) રૂ. 40,000 કરોડ

(C) રૂ. 50,000 કરોડ (D) રૂ. 60,000 કરોડ **(C)**

**20.** ‘ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન’ના અમલીકરણ માટે ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલયની નોલડ મંત્રાલય તરીકે પસંદગી કરવામાં આવી છે ?

(A) પંચાયતી રાજ (B) માનવ સંસાધન વિકાસ

(C) માર્ગ પરિવહન (D) ગ્રામીણ વિકાસ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**22 JUNE, 2020 MONDAY**

## ➤ IMD World Competitiveness Ranking 2020માં ભારત 43મા ક્રમે

સ્વિત્ઝર્લેન્ડના લ્યુસો ખાતે આવેલી International Institute for Management Development (IMD) દ્વારા તાજેતરમાં 'World Competitiveness Ranking 2020' નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં સ્પર્ધાત્મકતાની બાબતમાં વિશ્વના 63 દેશોમાં ભારત 43મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2019ના આ રિપોર્ટમાં પણ ભારત 43મા ક્રમે જ હતું.
- આથી, 2019ની તુલનાએ વર્ષ 2020ના આ રિપોર્ટમાં ભારતના રેન્કમાં કોઈ જ ફેરફાર થયો નથી.
- વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં સિંગાપોર પ્રથમ ક્રમે છે.
- સિંગાપોર બાદ ડેન્માર્ક બીજા અને સ્વિત્ઝર્લેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે વેનેઝુએલા આ રિપોર્ટમાં અંતિમ 63મા ક્રમે છે.

**IMD World Competitiveness Ranking 2020**

| Rank | Country |
|---|---|
| 1 | સિંગાપોર |
| 2 | ડેન્માર્ક |
| 3 | સ્વિત્ઝર્લેન્ડ |
| 10 | અમેરિકા |
| 20 | ચીન |
| 43 | ભારત |
| 50 | રશિયા |
| 62 | આર્જેન્ટિના |
| 63 | વેનેઝુએલા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** આ અગાઉ વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રેન્કિંગમાં પણ સિંગાપોર પ્રથમ ક્રમે હતું.

## ➤ સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ



ભારતમાં કેન્દ્ર સરકારના નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (Ministry of New and Renewable Energy)ની વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર ભારતમાં સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના કરવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

- આ વેબસાઈટના રિપોર્ટ અનુસાર 31 મે 2020 સુધીમાં ભારતમાં સૌથી વધુ ગુજરાતમાં કુલ 558.17 મેગાવોટના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થપાયા છે.
- ગુજરાત બાદ બીજા ક્રમે રાજસ્થાનમાં 266.82 મેગાવોટના અને ત્રીજા ક્રમે મહારાષ્ટ્રમાં 245.50 મેગાવોટના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થપાયા છે.

| ભારતના રાજ્યોમાં સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના | | |
|---|---|---|
| ક્રમ | રાજ્ય | 31 મે 2020 સુધી સ્થપાયેલા પ્લાન્ટ (મેગાવોટમાં) |
| 1 | ગુજરાત | 558.17 |
| 2 | રાજસ્થાન | 266.82 |
| 3 | મહારાષ્ટ્ર | 245.50 |
| 4 | કર્ણાટક | 232.37 |
| 5 | દિલ્હી | 156.20 |
| 6 | તમિલનાડુ | 156.00 |
| 7 | ઉત્તરપ્રદેશ | 146.10 |
| 8 | હરિયાણા | 121.34 |
| 9 | પંજાબ | 118.52 |
| 10 | તેલંગાણા | 118.22 |

**નોંધ :** (1) ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં 1.75 લાખ મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

(2) સૌર ઊર્જાના મહત્તમ ઉપયોગ માટે ગુજરાત સરકારે 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના અંતર્ગત વર્ષ 2022 સુધીમાં 8 લાખ રહેણાંકના વીજગ્રાહકોને આ યોજના અંતર્ગત આવરી લેવાનો અને 30,000 મેગાવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના

આ યોજના અંતર્ગત ગુજરાતમાં 3 કિલોવોટની ક્ષમતા સુધીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવા ગુજરાત સરકાર દ્વારા પ્લાન્ટની નિયત કિંમતના 40 ટકા સબસિડી આપવામાં આવે છે.

- જ્યારે 3 કિલોવોટથી વધુ અને 10 કિલોવોટ સુધીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવા માટે 20 ટકા સબસિડી આપવામાં આવે છે.
- આવી સોલાર રૂફટોપ સિસ્ટમથી ઉત્પન્ન થયેલી વધારાની વીજળીને વીજ વિતરણ કંપની દ્વારા રૂ. 2.25 પ્રતિ યુનિટના ભાવે ખરીદવામાં આવે છે.

**નોંધ :** આ યોજના માટે વર્ષ 2020-21ના બજેટમાં ગુજરાત સરકારે રૂ. 912 કરોડની જોગવાઈ કરી છે.

## ICE Questions

1. IMD વર્લ્ડ કોમ્પિટિટિવનેસ રેન્કિંગ 2020માં વિશ્વના 63 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) 40મા (B) 42મા (C) 43મા (D) 44મા — (C)

2. IMD વર્લ્ડ કોમ્પિટિટિવનેસ રેન્કિંગ 2020માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) સ્વિત્ઝર્લેન્ડ (B) ફિનલેન્ડ (C) ડેન્માર્ક (D) સિંગાપોર — (D)

3. IMD વર્લ્ડ કોમ્પિટિટિવનેસ રેન્કિંગ 2020માં અંતિમ ક્રમે કયો દેશ છે ?
   (A) ઝિમ્બાબ્વે (B) વેનેઝુએલા (C) ઝામ્બિયા (D) આર્જેન્ટિના — (B)

4. કેન્દ્ર સરકારના નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના રિપોર્ટ અનુસાર 31 મે 2020 સુધીમાં સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપનામાં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
   (A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) રાજસ્થાન — (A)

5. 31 મે 2020 સુધીમાં ગુજરાતમાં કેટલા મેગાવોટના સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના થઈ છે ?
   (A) 458.17 (B) 558.17 (C) 658.17 (D) 758.17 — (B)

6. 31 મે 2020 સુધીમાં ભારતમાં સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપનામાં ક્રમશઃ પ્રથમ ત્રણ ક્રમે કયા રાજ્યો છે ?
   (A) ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ (B) ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર
   (C) ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન (D) ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર — (D)

7. 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના અંતર્ગત ગુજરાતમાં 3 કિલોવોટ સુધીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવા માટે કેટલા ટકા સબસિડી આપવામાં આવે છે ?
   (A) 20 ટકા (B) 30 ટકા (C) 40 ટકા (D) 50 ટકા — (C)

8. 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના અંતર્ગત ગુજરાતમાં 3 કિલોવોટથી વધુ અને 10 કિલોવોટ સુધીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપવા માટે કેટલા ટકા સબસિડી આપવામાં આવે છે ?
   (A) 20 ટકા (B) 30 ટકા (C) 40 ટકા (D) 50 ટકા — (A)

9. 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના અંતર્ગત ગ્રાહકો પાસેથી વધારાની વીજળી વીજ વિતરણ કંપની યુનિટ દીઠ કેટલા રૂપિયાના ભાવથી ખરીદે છે ?
   (A) રૂ. 1.25 ટકા (B) રૂ. 1.75 ટકા (C) રૂ. 2.25 ટકા (D) રૂ. 2.50 ટકા — (A)

10. 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ યોજના અંતર્ગત ગુજરાતમાં કેટલા કિલોવોટ સુધીના સોલાર રૂફટોપ પ્લાન્ટની સ્થાપના માટે ગુજરાત સરકાર દ્વારા 40 ટકા સબસિડી આપવામાં આવે છે ?
    (A) 3 (B) 4 (C) 6 (D) 3 થી 10 — (A)

## 23 JUNE, 2020 TUESDAY

➤ **દિવસ મહિમા : 23 જૂન,** (1) **સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન (United Nations Public Service Day)**
(2) **આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ (International Olympic Day)**

## ➤ રમખાણો વચ્ચે પણ અમદાવાદમાં 142 વર્ષથી નીકળતી ભગવાન શ્રી જગન્નાથજીની 143મી રથયાત્રા કોરોનાના કારણે રદ



ગુજરાતમાં **અમદાવાદ**ના પ્રસિદ્ધ **જગન્નાથ મંદિરે**થી છેલ્લા 142 વર્ષથી દર વર્ષે **અષાઢ સુદ બીજ**ના રોજ ભગવાન **શ્રી જગન્નાથ**, ભાઈ **શ્રી બલભદ્ર** અને બહેન **સુભદ્રાજી**ની રથયાત્રા હર્ષ–ઉલ્લાસ અને ભક્તિભાવ પૂર્વક ભારે ધામધૂમથી નીકળે છે.

- ગુજરાતમાં આ અગાઉ રમખાણો વચ્ચે પણ સખત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ રથયાત્રા યોજવામાં આવી છે.
- જોકે, તાજેતરમાં કોરોના મહામારીને કારણે હાઈકોર્ટના આદેશને પગલે ભગવાન જગન્નાથજીની **143મી** રથાયાત્રાને મંદિર પરિસરની બહાર નીકળવાની પરવાનગી આપવામાં આવી ન હતી.
- આથી, 23 જૂન 2020ને **અષાઢી બીજ**ના રોજ ગુજરાતમાં **અમદાવાદ** ખાતે પ્રસિદ્ધ જગન્નાથજીની રથયાત્રા **માત્ર મંદિર પરિસર**માં જ યોજાઈ હતી.
- આ અંતર્ગત ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **પહિંદવિધિ** કરીને એટલે કે **સોનાની સાવરણીથી રથમાં સફાઈ કરીને** તેમજ ખલાસીઓની મદદથી ભગવાનના રથને પાંચ ફૂટ ખેંચીને આ રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ **સતત ચોથી વખત** 'પહિંદવિધિ' કરીને આ રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

**નોંધ :** અષાઢ સુદ બીજના રોજ અમદાવાદ ખાતે યોજાતી રથયાત્રા **ઓડિશા**ના **પૂરી** અને **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા** ખાતે યોજાતી રથયાત્રા બાદ **વિશ્વની ત્રીજી સૌથી મહત્ત્વની અને સૌથી મોટી** રથયાત્રા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## પૂરીની રથયાત્રા પ્રથમ વખત ભકતો વિના યોજાઈ

23 જૂન, 2020ને અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા પ્રથમ વખત ભકતો વિના જ યોજાઈ હતી.

- કોરોના મહામારીને કારણે સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો સાથે આ રથયાત્રા યોજવા મંજૂરી આપી હતી.
- આથી, ઓડિશાના પૂરીમાં અત્યાર સુધીના લગભગ 284 વર્ષના ઈતિહાસમાં આ વર્ષે પ્રથમ વખત ભકતો વિના જ આ રથયાત્રા યોજવામાં આવી હતી.

## પૂરીની 9 દિવસીય રથયાત્રા

- ભારતમાં ઓડિશાના પૂરી ખાતે દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ભગવાન શ્રી જગન્નાથની 9 દિવસીય રથયાત્રાનો પ્રારંભ થાય છે.
- આ રથયાત્રા પૂરીના પ્રસિદ્ધ જગન્નાથ મંદિર થી 3 કિ.મી. દૂર આવેલા ગુંડિચા મંદિર સુધી યોજાય છે.ત્યારબાદ ભગવાન શ્રી જગન્નાથજી તેમના મોટા ભાઈ શ્રી બલભદ્ર અને નાની બહેન સુભદ્રાજી 9 દિવસ સુધી ગુંડિચા મંદિરમાં રોકાય છે.
- ગુંડિચા મંદિર ભગવાન જગન્નાથજીના માસીનું ઘર હોવાનું મનાય છે. જ્યાં 9 દિવસ રહયા બાદ ભગવાન નિજ મંદિરે પરત ફરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પૂરીની રથયાત્રાની વિશેષતા

(1) ઓડિશાના પૂરી ખાતે યોજાતી રથયાત્રા ભારત અને વિશ્વની સૌથી જૂની રથયાત્રા છે. તેનું વર્ણન 'બ્રહ્મ પુરાણ', 'પદ્મપુરાણ' અને 'સ્કંદ પુરાણ' તથા 'કપિલ સંહિતા'માં પણ જોવા મળે છે.

(2) પૂરી ખાતે યોજાતી આ રથયાત્રા વિશ્વની સૌથી મોટી રથયાત્રા છે. આ રથયાત્રામાં સૌથી વધુ લોકો ભાગ લે છે.

(3) એવી માન્યતા છે કે, બહેન સુભદ્રાજીની દ્વારકા ભ્રમણની ઈચ્છા પૂરી કરવા માટે ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના મોટાભાઈ શ્રી બલરામે અલગ–અલગ રથોમાં બેસીને બહેન સુભદ્રાજીને રથયાત્રા કરાવી હતી. આથી, માતા સુભદ્રાજીની નગર ભ્રમણની સ્મૃતિમાં આ રથયાત્રા પૂરીમાં દર વર્ષે યોજાય છે.

**નોંધ :** (1) ઓડિશા રાજ્યમાં આવેલું પૂરી જગન્નાથ પૂરી, પુરુષોત્તમ પૂરી, શંખ ક્ષેત્ર અથવા તો શ્રીક્ષેત્રના નામથી પણ ઓળખાય છે.

(2) પૂરીએ હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ પૈકીનું એક ધામ છે.

**હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ**

| ક્રમ | ધામ | સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી જગન્નાથ મંદિર | પૂરી | ઓડિશા |
| 2 | શ્રી રામેશ્વરમ્ મંદિર | રામેશ્વરમ્ | તમિલનાડુ |
| 3 | શ્રી દ્વારિકાધીશ મંદિર | દ્વારકા | ગુજરાત |
| 4 | શ્રી બદ્રિનાથ મંદિર | બદ્રિનાથ | ઉત્તરાખંડ |

**વિશ્વની સૌથી જૂની રથયાત્રા**

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | શ્રીરામપુર, પશ્ચિમ બંગાળ |

**નોંધ :** પશ્ચિમ બંગાળના શ્રીરામપુર નામના શહેરના 'મહેશ' નામના વિસ્તારમાં યોજાતી રથયાત્રા વિશ્વની બીજા નંબરની સૌથી જૂની રથયાત્રા છે.

**વિશ્વની સૌથી મોટી રથયાત્રા**

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | કોલકાતા, પશ્ચિમ બંગાળ |
| 3 | અમદાવાદ, ગુજરાત |

**નોંધ :**

(1) વિશ્વના આશરે 108 શહેરોમાં રથયાત્રા યોજાય છે.

(2) બાંગ્લાદેશના ધર્મરાજ ખાતે યોજાતી ધર્મરાજ જગન્નાથ રથયાત્રા બાંગ્લાદેશની સૌથી વધુ પ્રસિદ્ધ રથયાત્રા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતમાં '10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના'ની યોજનાનો પ્રારંભ

ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારના પશુપાલકોને ઘેર બેઠા જ પશુ સારવારની સુવિધા મળી રહે તે માટે ગુજરાત રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા એક નવતર યોજના હાથ ધરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ગુજરાતના દરેક 10 ગામ દીઠ હરતા-ફરતા પશુ દવાખાના તરીકે 1 મોબાઈલ વાન ફાળવવામાં આવશે.
- ગુજરાતમાં આવી કુલ 460 જેટલી મોબાઈલ વાન પશુ દવાખાના કાર્યરત કરીને 4600થી વધુ ગામોના પશુપાલકોને તેમના પશુઓની સારવાર માટે આ યોજનાનો લાભ આપવામાં આવશે.

### કયા ટોલ ફ્રી નંબર દ્વારા આ સુવિધા મળશે ?

ગુજરાતમાં માનવ આરોગ્યની ત્વરિત, તાત્કાલિક અને સુગમ સારવાર માટે 108ની સેવા હાલ કાર્યરત છે.

- એ જ રીતે ગુજરાતમાં ટોલ ફ્રી નંબર 1962 ડાયલ કરવાથી પશુપાલકોને ઘેર બેઠા વિનામૂલ્યે પશુ સારવાર ઉપલબ્ધ થશે.

### 108 મોબાઈલ પશુ દવાખાનાનો પ્રારંભ

આ યોજના અંતર્ગત 22 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ

ગુજરાતના ગાંધીનગર ખાતેથી પ્રથમ તબક્કામાં 108 મોબાઈલ વાન પશુ દવાખાનાનો ઝંડી બતાવીને શુભારંભ કરાવ્યો છે.

- આ સાથે જ ગુજરાતમાં પશુઓ માટે 108 જેટલા હરતા ફરતા દવાખાના કાર્યરત થઈ ગયા છે.

## કોના સહયોગથી આ યોજના શરૂ કરવામાં આવી છે ?

ગુજરાત સરકાર દ્વારા GVK EMRIના સહયોગથી PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડલ અંતર્ગત આ યોજના શરૂ કરવામાં આવી છે.

## GVK EMRI

GVK EMRIએ ઈમર્જન્સી સર્વિસ પૂરી પાડતી ભારતની અગ્રણી સંસ્થા છે.

- GVK EMRI દ્વારા ભારતમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) ધોરણે 108 એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ગુજરાતમાં 108ની સુવિધા માટે ગુજરાત સરકારે GVK EMRI સાથે MoU કર્યા છે.
- ગુજરાતમાં અમદાવાદના કઠવાડા ખાતે GVK EMRIનું મુખ્ય સેન્ટર આવેલું છે.
- GVK ફાઉન્ડેશન દ્વારા સંચાલિત EMRIનું પૂરું નામ 'Emergency Management and Research Institute' છે.

**નોંધ :** (1) ગુજરાતમાં 29 ઓગસ્ટ, 2007ના રોજ 108 એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ થયો હતો.
(2) ટોલ ફ્રી નંબર ડાયલ કરવાથી પશુઓની સારવાર મફત ઉપલબ્ધ કરાવવાની સુવિધા શરૂ કરનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 'સંયુક્ત રાષ્ટ્ર જાહેર સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(D)**

2. 'આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(D)**

3. 23 જૂન 2020ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની કેટલામી રથયાત્રા કોરોના મહામારીને કારણે માત્ર મંદિર પરિસરમાં જ યોજાઈ હતી ?
(A) 141મી (B) 142મી (C) 143મી (D) 144મી **(C)**

4. ગુજરાતના અમદાવાદ ખાતે અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિરેથી દર વર્ષે કયા દિવસે રથયાત્રા નીકળે છે ?
(A) અખાત્રીજ (B) અષાઢ વદ ત્રીજ
(C) અષાઢ વદ બીજ (D) અષાઢ સુદ બીજ **(D)**

5. દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલા દિવસીય રથયાત્રા નીકળે છે ?
(A) એક (B) પાંચ (C) સાત (D) નવ **(D)**

6. વિશ્વની સૌથી મોટી રથયાત્રાના સંદર્ભમાં નીચેના સ્થળોનો સાચો ક્રમ ગોઠવો.
(1) અમદાવાદ (2) પૂરી (3) કોલકાતા
Ans. : (A) 1, 2, 3 (B) 2, 1, 3 (C) 3, 2, 1 (D) 2, 3, 1 **(D)**

7. નીચેના વિધાનો ચકાસો અને તેમાંથી સાચું વિધાન પસંદ કરો.
(A) પૂરી ખાતે યોજાતી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા વિશ્વની સૌથી મોટી અને સૌથી જૂની રથયાત્રા છે.
(B) પશ્ચિમ બંગાળના શ્રીરામપુર નામના શહેરના મહેશ નામના વિસ્તારમાં યોજાતી રથયાત્રા વિશ્વની બીજા નંબરની સૌથી જૂની રથયાત્રા છે.
(C) A અને B બંને વિધાનો ખોટા છે. (D) A અને B બંને વિધાનો સાચા છે. **(D)**

8. હિન્દુ ધર્મના મૂળ ચાર ધામમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(A) દ્વારકા (B) બદ્રીનાથ (C) રામેશ્વરમ્ (D) હરિદ્વાર **(D)**

9. ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા ગુજરાતમાં કેટલા ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની સુવિધા ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવવામાં આવી છે ?
(A) 10 (B) 15 (C) 20 (D) 25 **(A)**

10. ગુજરાતમાં કયો ટોલ ફ્રી નંબર ડાયલ કરવાથી પશુપાલકોને ઘેર બેઠા જ તેમના પશુઓની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ થશે ?
(A) 1960 (B) 1961 (C) 1962 (D) 1963 **(C)**

11. 22 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયાંથી 10 ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજનાના પ્રથમ તબક્કાનો ઝંડી બતાવીને શુભારંભ કરાવ્યો છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) રાજકોટ (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

12. 22 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતેથી કેટલા મોબાઈલ પશુ દવાખાનાનો શુભારંભ કરાવ્યો છે ?
(A) 100 (B) 108 (C) 151 (D) 460 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**24 JUNE, 2020 WEDNESDAY**

## ➤ QR કોડ ધરાવતા ભારતના પ્રથમ કવરનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિમોચન

20 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના **ગાંધીનગર** ખાતેથી **ગુજરાત પોસ્ટ વિભાગ**ના **વિશેષ ચેરિટી કવર**નું વિમોચન કર્યું છે.

- આ ચેરિટી કવર **QR કોડ ધરાવતું ભારતનું પ્રથમ કવર** છે.
- COVID-19 દરમિયાન ગુજરાત સરકારને આર્થિક સહાય આપવા **ગુજરાત રાજ્યના પોસ્ટલ વિભાગ** દ્વારા આ ચેરિટી કવર લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ ચેરિટી કવરની વિશેષતા

આ ચેરિટી કવર **'કોવિડ-19 સાથે જીવન જીવવાની કળા'** થીમ પર તૈયાર કરવામાં આવ્યા છે.

- આ કવરની કિંમત **રૂ. 100** છે.
- આ કવરના વેચાણની કુલ રકમના **75 ટકા રકમ** કોરોના સામે લડવાના ફંડ તરીકે ગુજરાત પોસ્ટ વિભાગ દ્વારા **'મુખ્યમંત્રી રાહત નિધિ'**માં આપવામાં આવશે.
- ગુજરાત પોસ્ટ વિભાગ દ્વારા આવા **25,000** જેટલા વિશેષ ચેરિટી કવર તૈયાર કરવામાં આવ્યા છે.
- આ વિશેષ ચેરિટી કવર **ભારતનું પ્રથમ QR કોડ ધરાવતું કવર** છે. જે આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિર્મિત કોવિડ-19 સંબંધિત સાવચેતી–તકેદારીના વીડિઓ સાથે QR કોડથી જોડાયેલું છે.

**નોંધ :** ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટની હેડ પોસ્ટ ઓફિસો પરથી તથા ભારતીય પોસ્ટ વિભાગની વેબસાઈટ પરથી ઓનલાઈન આ ચેરિટી કવર ખરીદી શકાશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ અમેરિકામાં H-1B વિઝા સહિત અન્ય તમામ વિદેશી વર્ક વિઝા પર અમેરિકામાં પ્રવેશ પર 31 ડિસેમ્બર 2020 સુધી પ્રતિબંધ

અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે H-1B, H-2B, J-1 અને L-1 વિઝાધારકોના અમેરિકા**માં પ્રવેશ પર **31 ડિસેમ્બર, 2020** સુધી પ્રતિબંધ મૂકી દીધો છે.

- અમેરિકાની સરકારના આ નિર્ણયનો અમલ **24 જૂન 2020**થી થશે.
- COVID-19ની વૈશ્વિક મહામારીની સ્થિતિમાં અમેરિકાના સ્થાનિક નાગરિકોને અમેરિકામાં રોજગારી અપાવવા માટે અમેરિકન સરકારે આ નિર્ણય કર્યો છે.

- અમેરિકાની સરકારના આ નિર્ણયને કારણે વર્ક વિઝા પર અમેરિકામાં નોકરી કરવા જઈ રહેલા વિદેશી નાગરિકો હવે 31 ડિસેમ્બર સુધી આ વર્ક વિઝા પર અમેરિકા જઈ શકશે નહિ.
- આથી, આ સ્થિતિમાં અમેરિકન કંપનીઓ દ્વારા વિદેશી નાગરિકોની જગ્યાએ સ્થાનિક અમેરિકનોને નોકરી પર રાખવામાં આવે એવી સંભાવના છે.
- અમેરિકન સરકારના આ નિર્ણયથી મોટી સંખ્યામાં ભારતીય IT પ્રોફેશનલ્સ અને સંખ્યાબંધ અમેરિકન તથા ભારતીય કંપનીઓને વિપરિત અસર થશે.

**નોંધ :** (1) અમેરિકામાં કાયમી વસવાટ માટે જારી કરાતા નવા ગ્રીન કાર્ડ પરનો પ્રતિબંધ પણ હવે 31 ડિસેમ્બર 2020 સુધી લંબાવવામાં આવ્યો છે.

(2) અમેરિકાની કંપનીઓને સ્થાનિક અમેરિકનોની તુલનાએ વિદેશી કર્મચારીઓ ખૂબ જ ઓછા પગારે મળી રહેતા હોવાથી તેઓ સ્થાનિક અમેરિકનોની જગ્યાએ વિદેશી કર્મચારીઓને નોકરી પર રાખવાનું વધુ પસંદ કરે છે.

## ➤ કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે 'યુક્તિ 2.0' પોર્ટલ લોન્ચ

23 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી **શ્રી રમેશ પોખરિયાલ 'નિશંકે'** ભારતમાં 'યુક્તિ 2.0' પોર્ટલનો શુભારંભ કરાવ્યો છે.

- આ અગાઉ શ્રી રમેશ પોખરિયાલ 'નિશંકે' 12 એપ્રિલ 2020ના રોજ ભારતમાં 'યુક્તિ' (YUKTI) પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.
- જેમાં YUKTIનું પૂરું નામ "Young India Combating COVID with Knowledge, Technology and Innovation" છે.
- ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં COVID-19ના વિવિધ પડકારોને પહોંચી વળવા માટે આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ પોર્ટલ દ્વારા ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને તેમના ઈનોવેશન અને ટેક્નિકના વિકાસ માટે યોગ્ય સહાય મળી રહે છે કે નહિ તે સુનિશ્ચિત કરવામાં આવશે.
- 'YUKTI 2.0' એ અગાઉ લોન્ચ કરવામાં આવેલ 'YUKTI' પોર્ટલની શ્રેણીનું બીજું પોર્ટલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ COVID-19 સામેની લડતમાં ભારતમાં PM CARES FUND અંતર્ગત 50,000 વેન્ટિલેટર ઉપલબ્ધ કરાવાશે

COVID-19 સામેની લડતમાં ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂરી વેન્ટિલેટર ઉપલબ્ધ કરાવવા માટે PM Cares Fund ટ્રસ્ટ દ્વારા રૂ. 2000 કરોડના ખર્ચે 50,000 વેન્ટિલેટરના નિર્માણનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

- આ તમામ 50,000 વેન્ટિલેટરનું નિર્માણ 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં જ કરવામાં આવશે.
- આ 50,000 વેન્ટિલેટરમાંથી એકલા 'Bharat Electronics Limited' (BEL) નામની ભારત સરકારની માલિકીની કંપનીને જ 30,000 વેન્ટિલેટરના નિર્માણનો ઓર્ડર આપવામાં આવ્યો છે.
- BEL બાદ બીજા ક્રમે AgVa Health Careને 10,000 વેન્ટિલેટરના નિર્માણનો ઓર્ડર આપવામાં આવ્યો છે.
- જ્યારે બાકીના 10,000 વેન્ટિલેટરના નિર્માણ માટે અન્ય કંપનીઓને ઓર્ડર આપવામાં આવ્યો છે.
- આ અંતર્ગત 23 જૂન 2020 સુધીમાં 1340 જેટલા વેન્ટિલેટર વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપવામાં આવ્યા છે.
- જેમાં સૌથી વધુ મહારાષ્ટ્ર અને દિલ્હીને 275-275 વેન્ટિલેટર અને ત્યારબાદ ગુજરાતને 175 તથા બિહારને 100 વેન્ટિલેટર આપવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રવાસી શ્રમિકોના કલ્યાણ માટે રૂ. 1000 કરોડની ફાળવણી

આ ઉપરાંત ભારતમાં પ્રવાસી શ્રમિકોના કલ્યાણ માટે PM Cares Fund ટ્રસ્ટ દ્વારા રૂ. 1000 કરોડ ફાળવવામાં આવ્યા છે.

- જેમાં સૌથી વધુ મહારાષ્ટ્રને રૂ. 181 કરોડ અને ત્યારબાદ ઉત્તરપ્રદેશને રૂ. 103 કરોડ, તમિલનાડુને રૂ. 83 કરોડ, ગુજરાતને રૂ. 66 કરોડ તેમજ અન્ય રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને બાકીની રકમ ફાળવવામાં આવી છે.
- ભારતના તમામ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને નીચેના ત્રણ માપદંડોને આધારે આ રકમ ફાળવવામાં આવી છે :
  (1) વર્ષ 2011ની વસતી ગણતરીને આધારે વસતી પ્રમાણે 50 ટકા રકમ
  (2) COVID-19ના કેસોની સંખ્યાને આધારે 40 ટકા રકમ
  (3) તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને સમાન રીતે 10 ટકા રકમ

ICE Questions

1. 20 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ક્યાંથી ગુજરાત પોસ્ટ વિભાગના વિશેષ ચેરિટી કવરનું વિમોચન કર્યું છે ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર
(C) સુરત (D) ત્રણમાંથી કોઈ નહિ
**(B)**

2. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં QR કોડ ધરાવતું ભારતનું પ્રથમ ચેરિટી કવર લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) તેલંગાણા (D) કેરળ
**(A)**

3. ગુજરાતના પોસ્ટ વિભાગ દ્વારા કઈ થીમ આધારિત વિશેષ ચેરિટી કવર તૈયાર કરવામાં આવ્યું છે ?
(A) કોવિડ-19 સાથે હરવા ફરવાની કળા
(B) કોવિડ-19 સાથે જીવતા રહેવાની કળા
(C) કોવિડ-19 સાથે જીવન જીવવાની કળા
(D) કોવિડ-19ને મ્હાત આપવાની કળા
**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ગુજરાત પોસ્ટ વિભાગ દ્વારા કેટલી કિંમતનું વિશેષ ચેરિટી કવર લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) રૂ. 50 (B) રૂ. 100 (C) રૂ. 150 (D) રૂ. 200
**(B)**

5. ગુજરાતના પોસ્ટ વિભાગ દ્વારા લોન્ચ કરવામાં આવેલા વિશેષ ચેરિટી કવરની કિંમતમાંથી કેટલા ટકા રકમ કોરોના સામેના જંગમાં 'મુખ્યમંત્રી રાહત નિધિ'માં આપવામાં આવશે ?
(A) 50 ટકા (B) 70 ટકા (C) 75 ટકા (D) 100 ટકા
**(C)**

6. અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે H-1B, H-2B, J-1 અને L-1 વિઝાધારકોના અમેરિકામાં પ્રવેશ પર કયાં સુધી પ્રતિબંધ મૂકયો છે ?
(A) 31 ડિસેમ્બર, 2020 (B) 31 જાન્યુઆરી, 2021
(C) 31 માર્ચ, 2021 (D) ત્રણમાંથી કોઈ નહિ
**(A)**

7. ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા તાજેતરમાં 'યુકિત' તથા 'યુકિત 2.0' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) સાયન્સ એન્ડ ટેક્નોલોજી (B) ગ્રામીણ વિકાસ
(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (D) માનવ સંસાધન વિકાસ
**(D)**

8. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'YUKTI' પોર્ટલનું પૂરું નામ શું છે ?
(A) Young India Combating COVID with Knowledge, Technology and Information
(B) Young India Combating COVID with Knowledge, Technology and Innovation
(C) Young India Combating COVID with Knowledge, Technology and Idea
(D) ત્રણમાંથી કોઈ નહિ
**(B)**

9. COVID-19 સામેની લડતમાં PM Cares Fund ટ્રસ્ટ દ્વારા ભારતમાં કુલ કેટલા વેન્ટિલેટર ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) 20,000 (B) 30,000 (C) 50,000 (D) 1 લાખ
**(C)**

10. PM Cares Fund ટ્રસ્ટ દ્વારા ભારતમાં કેટલા રૂપિયાના ખર્ચે 50,000 વેન્ટિલેટર ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) રૂ. 1000 કરોડ (B) રૂ. 2000 કરોડ
(C) રૂ. 3000 કરોડ (D) રૂ. 4000 કરોડ
**(B)**

11. PM Cares Fund ટ્રસ્ટ દ્વારા ભારતમાં કઈ કંપનીને સૌથી વધુ 30,000 વેન્ટિલેટરના નિર્માણનો ઓર્ડર આપવામાં આવ્યો છે ?
(A) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (B) ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ
(C) આગ્વા હેલ્થકેર લિમિટેડ (D) હિન્દુસ્તાન ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ
**(B)**

12. ભારતમાં પ્રવાસી શ્રમિકોના કલ્યાણ માટે 24 જૂન 2020 સુધીમાં PM Cares Fund ટ્રસ્ટ દ્વારા કુલ કેટલી રકમ ફાળવવામાં આવી છે ?
(A) રૂ. 500 કરોડ (B) રૂ. 1000 કરોડ
(C) રૂ. 2000 કરોડ (D) રૂ. 5000 કરોડ
**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 25 JUNE, 2020 THURSDAY

➤ દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (World Vitiligo Day)
(2) આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ (International Day of the Seafarer)

## ➤ ભારતની તમામ શહેરી સહકારી બેન્કો RBIના સીધા નિયંત્રણ હેઠળ આવશે

ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ભારતની તમામ **શહેરી સહકારી બેન્કો** અને **મલ્ટિ સ્ટેટ કો.ઓપરેટિવ બેન્કો**ને **'રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા' (RBI)**ના **સીધા નિયંત્રણ હેઠળ** લાવવામાં આવશે.

- ભારતમાં સહકારી બેન્કોમાં થાપણદારોના નાણાંને વધુ સુરક્ષિત બનાવવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.
- ભારતમાં કાર્યરત **1482 અર્બન કો. ઓપરેટિવ બેન્ક** અને **58** જેટલી **મલ્ટિ સ્ટેટ કો.ઓપરેટિવ બેન્ક**ના **8.6 કરોડ** જેટલા થાપણદારોને સરકારના આ નિર્ણયથી લાભ થશે.
- ભારતમાં સહકારી બેન્કોમાં અવારનવાર કૌભાંડો થતા રહે છે. જેને પરિણામે લાખો થાપણદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.
- આથી, ભારતમાં આવી સ્થિતિનું નિર્માણ ન થાય તે માટે કેન્દ્ર સરકારે ઉપરોક્ત નિર્ણય કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારતમાં સહકારી બેન્કોનું નિયંત્રણ

ભારતમાં આ અગાઉ **શહેરી સહકારી બેન્કો** સંયુક્ત રીતે **RBI અને સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર** એમ બંનેના નિયંત્રણ હેઠળ હતી.

- જેમાંથી **RBI** શહેરી સહકારી બેન્કોનું **રેગ્યુલેટરી કામકાજ** સંભાળતી હતી.
- અને સહકારી મંડળીઓના રજિસ્ટ્રારને શહેરી સહકારી બેન્કોના ઈનકોર્પોરેશન, રજિસ્ટ્રેશન, મેનેજમેન્ટ, રિકવરી, ઓડિટ, બોર્ડ ઓફ ડિરેકટરના સુપરસેશન અને લિકિવડેશન જેવા કામકાજ સોંપવામાં આવ્યા હતા.
- હવે **સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર**ની આ તમામ કામગીરી પણ RBI હસ્તક આવી જશે.
- પરિણામે, RBIને વધુ સત્તાઓ મળવાથી સહકારી બેન્કોમાં ગેરરીતિઓ અટકાવી શકાશે.

**નોંધ :** ભારતમાં શહેરી સહકારી બેન્કો અને ગ્રામીણ સહકારી બેન્કોમાંથી ફક્ત શહેરી સહકારી બેન્કોને જ RBIના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં આવી છે, ગ્રામીણ સહકારી બેન્કોને નહિ.

## RBI




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે. તે ભારતની બધી બેંકોનું સંચાલન કરે છે.

- રિઝર્વ બેંક ભારતીય રૂપિયાના ઈશ્યૂ અને પૂરવઠાને નિયંત્રિત કરે છે.
- RBIની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.
- 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ 1934' અંતર્ગત તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ RBI રાષ્ટ્રીયકૃત થઈ હતી.
- RBIનું વડું મથક અગાઉ કોલકાતામાં હતું. પરંતુ 1937થી તે મુંબઈમાં આવી ગયું છે.
- RBIનું સંચાલન કેન્દ્રીય સંચાલન બોર્ડ દ્વારા થાય છે.

**નોંધ :** (1) ડો. બાબાસાહેબ આંબેડકરનું RBIની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન છે.

(2) ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે RBIની સ્થાપના થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**RBIના વર્તમાન ગવર્નર તથા ડેપ્યુટી ગવર્નર (25 જૂન, 2020ની સ્થિતિએ)**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી શક્તિકાંતા દાસ | ગવર્નર |
| 2 | શ્રી બી. પી. કાનુન્ગો | ડેપ્યુટી ગવર્નર |
| 3 | ડૉ.એમ.ડી.પાત્રા | ડેપ્યુટી ગવર્નર |
| 4 | શ્રી મહેશકુમાર જૈન | ડેપ્યુટી ગવર્નર |

## RBIના ગવર્નર અને તેમની વિશેષતા

| ક્રમ | નામ | સમય | વિશેષતા |
|---|---|---|---|
| 1st | શ્રી ઓસબોર્ન સ્મિથ | 1935-37 | RBIના પ્રથમ ગવર્નર |
| 3rd | શ્રી સી. ડી. દેશમુખ | 1943-49 | RBIના પ્રથમ ભારતીય ગવર્નર |
| 4th | શ્રી બેનેગલ રામા રાવ | 1949-57 | સૌથી લાંબા સમય સુધી (2754 દિવસ) RBIના ગવર્નર |
| 14th | શ્રી આઈ. જી. (ઈન્દ્રપ્રસાદ ગોધરનભાઈ) પટેલ | 1977-82 | પ્રથમ ગુજરાતી RBI ગવર્નર |
| 15th | ડો. મનમોહનસિંહ | 1982-85 | ભારતના વડાપ્રધાન બનનાર RBI ગવર્નર |
| 16th | શ્રી અમિતાવ ઘોષ | 1985 | સૌથી ઓછા સમય સુધી (20 દિવસ) RBI ગવર્નર |
| 23rd | શ્રી રઘુરામ રાજન | 2013-16 | શ્રી ઉર્જિત પટેલ અગાઉ RBI ગવર્નર |
| 24th | શ્રી ઉર્જિત પટેલ | 2016-18 | બીજા ગુજરાતી RBI ગવર્નર |
| 25th | શ્રી શક્તિકાંતા દાસ | 2018થી.... | RBIના વર્તમાન ગવર્નર (25 જૂન, 2020ની સ્થિતિએ) |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) શ્રી રઘુરામ રાજનના કાર્યકાળથી હાલના સમયે RBIના ગવર્નરની મુદત 3 વર્ષની હોય છે.

(2) RBIના પ્રથમ ભારતીય ગવર્નર શ્રી સી. ડી.(એટલે કે ચિંતામણ દ્વારકાનાથ) દેશમુખને અંગ્રેજો દ્વારા 'સર'નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

(3) RBIના પ્રથમ ગુજરાતી ગવર્નર શ્રી આઈ. જી. (એટલે કે ઈન્દ્રપ્રસાદ ગોરધનભાઈ) પટેલનો જન્મ 11 નવેમ્બર, 1924ના રોજ વડોદરા ખાતે થયો હતો.

## ➤ ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ઐતિહાસિક સુધારાઓનો પ્રારંભ, ભારતમાં અંતરિક્ષ કાર્યક્રમમાં હવે પ્રાઈવેટ કંપનીઓ પણ ભાગ લઈ શકશે

24 જૂન, 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ નિર્ણય અંતર્ગત ભારતમાં **અંતરિક્ષ ક્ષેત્રની કામગીરી**માં હવે **પ્રાઈવેટ કંપનીઓને પણ ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.**
- આ સાથે જ ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રમાં ઐતિહાસિક સુધારાઓનો પ્રારંભ થઈ ગયો છે.

- અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતનો સમાવેશ હાલ અદ્યતન ક્ષમતાઓવાળા વિશ્વના કેટલાક ટોચના દેશોમાં થાય છે.
- સરકારના આ નિર્ણયથી ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રને નવી ઊર્જા અને ગતિ પ્રાપ્ત થશે. જેનાથી દેશને અંતરિક્ષ કાર્યક્રમોના હવે પછીના તબક્કામાં ઝડપથી આગળ વધવામાં મદદ થશે.

## IN-SPACe સેન્ટરની સ્થાપનાને મંજૂરી

24 જૂન, 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં **અંતરિક્ષ** ક્ષેત્રે **'IN-SPACe'** નામના **એક નવા સેન્ટર**ની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે.

- **'IN-SPACe'**નું પૂરું નામ **'Indian National Space Promotion And Authorization Centre' (ભારતીય રાષ્ટ્રીય અંતરિક્ષ સંવર્ધન અને પ્રમાણીકરણ કેન્દ્ર)** છે.
- આ સેન્ટર દ્વારા ભારતના અંતરિક્ષ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ અંતર્ગત આ સેન્ટર દ્વારા ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રે ઈસરોની કામગીરી સાથે તાલ મિલાવીને પ્રાઈવેટ કંપનીઓને ભારતની અંતરિક્ષ ક્ષેત્રની માળખાગત સુવિધાઓ ઉપયોગમાં લેવાની તક આપવામાં આવશે.

**નોંધ :** આ ઉપરાંત ભારતમાં અંતરિક્ષ ક્ષેત્રના વિકાસ માટે ભારતમાં સરકારની માલિકીની અંતરિક્ષ ક્ષેત્રની કંપની **'New Space India Limited' (NSIL)** દ્વારા **'પૂરવઠાલક્ષી મોડલ'**ની જગ્યાએ **'માંગ આધારિત મોડલ'** અપનાવવામાં આવશે.

## ➤ ભારતમાં રૂ. 15,000 કરોડના 'પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ'ની રચનાને મંજૂરી

24 જૂન 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં **પશુ સંવર્ધન** માટે **રૂ. 15,000 કરોડ**ના **'પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ' (Animal Husbandry Infrastructure Development Fund-AHIDF)**ની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં પશુ સંવર્ધન માટે પ્રોસેસિંગ અને મૂલ્ય સંવર્ધન સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રકચરના નિર્માણ માટે MSME અને ખાનગી કંપનીઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે આ ફંડની રચના કરવામાં આવી છે.
- આ અંતર્ગત આ ફંડની મદદથી ભારતમાં ડેરી અને મીટ (માંસ) પ્રોસેસીંગ તથા પશુ આહારના પ્લાન્ટમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે થઈ રહેલા રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે.

ICE FOR COMPETITIVE EXAMS

## આ ફંડ અંતર્ગત સહાય

ભારતમાં ડેરી અને મીટ પ્રોસેસીંગ તથા પશુ આહાર પ્લાન્ટમાં રોકાણ કરનાર યોગ્ય લાભાર્થીઓને આકાંક્ષી જિલ્લામાં વ્યાજમાં 4 ટકા અને અન્ય જિલ્લામાં વ્યાજમાં 3 ટકા સહાય આપવામાં આવશે.

- આ ઉપરાંત તેમને લોન પરત કરવા માટે 2 વર્ષનો મોરેટોરિયમ પિરિયડ આપવામાં આવશે. એટલે કે તેમણે પ્રથમ બે વર્ષ સુધી લોન પેટે કોઈ જ રકમ ચૂકવવાની રહેશે નહિ.
- 2 વર્ષના મોરેટોરિયમ પિરિયડ બાદ પણ તેમને લોન પરત ચૂકવવા માટે 6 વર્ષનો સમય આપવામાં આવશે.


## આ ફંડનો લાભ કોને મળશે ?

આ ફંડ અંતર્ગતના લાભાર્થીઓમાં ખેડૂત ઉત્પાદક સંઘો (Farmer Produce Organizations-FPO), MSMEs, કંપની એકટની કલમ 8 અંતર્ગત આવતી કંપનીઓ, ખાનગી કંપનીઓ અને વ્યકિતગત ઉદ્યોગ સાહસિકોનો સમાવેશ થાય છે.

- જેમાંથી વ્યકિતગત ઉદ્યોગ સાહસિકોએ મૂડીગત રોકાણનો ફક્ત 10 ટકા હિસ્સો જ ચૂકવવાનો રહેશે. બાકીનો 90 ટકા હિસ્સો લોનનો હશે. જે શિડયુલ્ડ બેન્કો દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં MSME ઉદ્યોગોને ધિરાણની ગેરન્ટી આપવા ભારત સરકાર દ્વારા રૂ. 750 કરોડના ક્રેડિટ ગેરંટી ફંડની સ્થાપના કરવામાં આવશે.
- જેનું મેનેજમેન્ટ નાબાર્ડ કરશે.
- આ અંતર્ગત ગેરન્ટીનું કવરેજ લોન લેનારની ક્રેડિટ સુવિધાના 25 ટકા સુધીનું હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** ભારતમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન પ્રોત્સાહન પેકેજ' અંતર્ગત આ ફંડની રચના કરવામાં આવી છે.

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions
ડાઉનલોડ કરવા અહીં કલિક કરો


ICE Questions

1. 'વિશ્વ પાંડુરોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય નાવિક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

3. 24 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ભારતની તમામ સહકારી બેન્કોને કોના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં આવશે ?
(A) સહકારી સંઘો (B) કેન્દ્ર સરકાર
(C) ભારતીય રિઝર્વ બેન્ક (D) કેન્દ્ર સરકારનું નાણા મંત્રાલય **(C)**

4. 24 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ભારતમાં કઈ બેન્કને RBIના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં આવશે ?
1. શહેરી સહકારી બેન્કો
2. ગ્રામીણ સહકારી બેન્કો
3. મલ્ટિ સ્ટેટ કો.ઓપરેટિવ બેન્કો
4. મલ્ટિ પર્પઝ સહકારી બેન્કો

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3 (D) 1, 4 **(C)**

5. ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર કુલ કેટલી 'શહેરી સહકારી બેન્કો' (Urban Co-Operative Banks)ને RBIના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં છે ?
(A) 1282 (B) 1382 (C) 1482 (D) 1582 **(C)**

6. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર ભારતમાં કુલ કેટલી મલ્ટિ સ્ટેટ કો. ઓપોરેટિવ બેન્કોને RBIના સીધા નિયંત્રણ હેઠળ લાવવામાં છે ?
(A) 54 (B) 56 (C) 58 (D) 62 **(C)**

7. 24 જૂન 2020ના રોજ ભારતમાં શહેરી સહકારી બેન્કો તથા મલ્ટિ સ્ટેટ કો. ઓપરેટિવ બેન્કોને RBIના સીધા નિયંત્રણ હેઠળ લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે...આ નિર્ણય અગાઉ ભારતની તમામ સહકારી બેન્કો કોના નિયંત્રણ હેઠળ હતી ?
(A) સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર (B) નાબાર્ડ
(C) RBI (D) A અને C બંને **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. 24 જૂન 2020ના રોજ ભારતમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતમાં કયા ક્ષેત્રની કામગીરીમાં પ્રાઈવેટ કંપનીઓને ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે ?
(A) સંરક્ષણ (B) ગોલ્ડ માઈનિંગ
(C) પરમાણુ (D) અંતરિક્ષ **(D)**

9. 24 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા અંતરિક્ષ ક્ષેત્રે કયા નવા સેન્ટરની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) IN-CHANGe (B) IN-SPACe
(C) IN-SKOPe (D) IN-SANCe **(B)**

10. 'IN-SPACe' નું પૂરું નામ શું છે ?
(A) Indian National Space Promo And Authorization
(B) Indian National Space Protection And Authorization
(C) Indian National Space Property And Authorization
(D) Indian National Space Promotion And Authorization **(D)**

11. 24 જૂન 2020ના રોજ 'આત્મનિર્ભર ભારત પ્રોત્સાહન પેકેજ' અંતર્ગત ભારતમાં પશુ સંવર્ધન માટે કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા કયા ફંડની રચનાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) Animal Husbandry Infrastructure Development Fund (AHIDF)
(B) Animal Husbandry Information Development Fund (AHIDF)
(C) Animal Husbandry Institution Development Fund (AHIDF)
(D) Animal Husbandry International Development Fund (AHIDF) **(A)**

12. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા રૂપિયાના 'પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ' ની રચનાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) રૂ. 10,000 કરોડ (B) રૂ. 15,000 કરોડ
(C) રૂ. 20,000 કરોડ (D) રૂ. 25,000 કરોડ **(B)**

13. ભારતમાં 'પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ' અંતર્ગત આપવામાં આવનાર સહાયના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. આકાંક્ષી જિલ્લામાં લાભાર્થીને 4 ટકા વ્યાજ સહાય મળશે.
2. અન્ય જિલ્લાઓમાં લાભાર્થીને 3 ટકા વ્યાજ સહાય મળશે.
3. MSME ઉદ્યોગ માટે રૂ. 750 કરોડના ક્રેડિટ ગેરંટી ફંડની સ્થાપના કરવામાં આવશે.
Ans. (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

## 26 JUNE, 2020 FRIDAY

➤ દિવસ મહિમા : 26 જૂન, (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન (International Day Against Drug Abuse and Illicit Trafficking)
(2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day in Support of Victims of Torture)
(3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ (World Refrigeration Day)

### ➤ ખાનગી લેબોરેટરીમાં થતાં કોરોનાના ટેસ્ટની કિંમતમાં ગુજરાતમાં ઘટાડો




COVID-19ની વર્તમાન વૈશ્વિક મહામારી દરમિયાન ગુજરાતમાં ખાનગી લેબોરેટરી દ્વારા કોરોનાના ટેસ્ટ માટે રૂ. 4500 લેવામાં આવતા હતા.

- જોકે, ગુજરાત સરકારે આ કિંમતમાં રૂ. 2000નો ઘટાડો કર્યો છે.
- આથી, હવે ગુજરાતમાં ખાનગી લેબોરેટરીમાં કોરોનાનો ટેસ્ટ રૂ. 4500ની જગ્યાએ રૂ. 2500માં જ થશે.
- જોકે ટેસ્ટિંગ માટે સેમ્પલ લેવા દર્દીઓ લેબોરેટરીના માણસને ઘરે કે હોસ્પિટલે બોલાવે તો ત્યારે તેનો ચાર્જ રૂ. 3000 ખાનગી લેબોરેટરી દ્વારા લેવામાં આવશે.
- સરકારના આ નિર્ણયનો અમલ 25 જૂન, 2020થી જ થશે.
- જો ખાનગી લેબોરેટરીઓ આ નિયત ભાવ કરતાં વધુ ભાવ લેતા જણાશે તો લેબોરેટરીની માન્યતા પણ રદ કરવામાં આવશે.

**નોંધ :** (1) ગુજરાતમાં ખાનગી લેબોરેટરીઓ ઉપરાંત ગુજરાતની સરકારી હોસ્પિટલો અને સરકારી મેડિકલ કોલેજોમાં પણ કોરોના ટેસ્ટિંગની કામગીરી કરવામાં આવે છે.
(2) ગુજરાતમાં સરકારી હોસ્પિટલો તથા સરકારી મેડિકલ કોલેજોમાં કોરોના ટેસ્ટિંગની કામગીરી વિનામૂલ્યે કરવામાં આવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતના 13000થી વધુ ઉદ્યોગોને રૂ. 1369 કરોડની સહાય ઓનલાઈન એટ વન ક્લીક આપવાની ગુજરાત સરકારની પહેલ

26 જૂન, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ** **ગાંધીનગર** ખાતેથી ફક્ત એક જ ક્લીકથી ગુજરાતના ઉદ્યોગકારોના બેન્ક ખાતામાં **રૂ. 1369 કરોડ** DBTથી જમા કરાવવાની અભિનવ પહેલનો શુભારંભ કરાવ્યો હતો.

- આ અંતર્ગત ગુજરાતમાં **12247** જેટલા **MSME** ઉદ્યોગકારોના બેન્ક ખાતામાં **રૂ. 768 કરોડ** અને **ટેક્ષટાઈલ** ઉદ્યોગ સહિતના **અન્ય મોટા ઉદ્યોગો**ના **835** એકમોને **રૂ. 601 કરોડ**ની સહાય મળીને **કુલ 13 હજારથી વધુ** એકમોને **રૂ. 1369 કરોડ**ની સહાય આપવામાં આવી છે.
- આ અંતર્ગત ગુજરાતમાં સૌથી વધુ **સુરત**માં 6108 એકમોને **રૂ. 294 કરોડ** અને ત્યારબાદ બીજા ક્રમે **અમદાવાદ**માં 2086 એકમોને **રૂ. 125 કરોડ**ની સહાય ચૂકવવામાં આવી છે.

**નોંધ :** (1) **DBTનું પૂરુંનામ Direct Benefit Transfer** છે.

(2) ગુજરાતમાં **આત્મનિર્ભર ગુજરાત પેકેજ** અંતર્ગત આ સહાય ચૂકવવામાં આવી છે.

## ➤ અમેરિકાના લોસ એન્જેલસમાં ભારત બહાર વિશ્વની પ્રથમ યોગ યુનિવર્સિટીની સ્થાપના

તાજેતરમાં **અમેરિકા**ના **લોસ એન્જેલસ** નામના શહેરમાં એક **યોગ યુનિવર્સિટી**ની સ્થાપના કરવામાં આવી છે.

- અમેરિકાના **લોસ એન્જેલસ** ખાતે સ્થપાયેલી **આ યોગ યુનિવર્સિટી** ભારત બહાર સ્થપાયેલી **વિશ્વની પ્રથમ યોગ યુનિવર્સિટી** છે.
- શ્રી સ્વામી વિવેકાનંદના નામ પરથી આ યોગ યુનિવર્સિટીને **'વિવેકાનંદ યોગ યુનિવર્સિટી'** નામ આપવામાં આવ્યું છે.
- પ્રસિદ્ધ યોગ ગુરુ તથા સ્વામી વિવેકાનંદ યોગ ફાઉન્ડેશનના કુલપતિ **ડો. એચ. આર. નગેન્દ્ર** આ યુનિવર્સિટીના **પ્રથમ અધ્યક્ષ** હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

2. 'ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 જૂન (B) 27 જૂન (C) 28 જૂન (D) 29 જૂન **(A)**

3. 'વર્લ્ડ રેફ્રિજરેશન ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 જૂન (B) 25 જૂન (C) 26 જૂન (D) 27 જૂન **(C)**

4. ગુજરાતમાં ખાનગી લેબોરેટરી દ્વારા કોરોના ટેસ્ટ રૂ. 4500માં થતો હતો... 25 જૂન 2020ના રોજ ગુજરાત સરકારે આ ટેસ્ટની કિંમતમાં કેટલા રૂપિયાનો ઘટાડો કર્યો છે ?
(A) રૂ. 1000 (B) રૂ. 1500
(C) રૂ. 2000 (D) રૂ. 3000 **(C)**

5. 25 જૂન 2020 બાદ ગુજરાતમાં ખાનગી લેબોરેટરીઓ દ્વારા કોરોના ટેસ્ટ માટે રૂ. 4500ના બદલે કેટલા રૂપિયા લેવામાં આવશે ?
(A) રૂ. 1500 (B) રૂ. 2000
(C) રૂ. 2500 (D) રૂ. 3500 **(C)**

6. 26 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના 13 હજારથી વધુ ઉદ્યોગોને કેટલા રૂપિયાની સહાય ઓનલાઈન એટ વન ક્લીકથી ઉપલબ્ધ કરાવી હતી ?
(A) રૂ. 1269 કરોડ (B) રૂ. 1369 કરોડ
(C) રૂ. 1469 કરોડ (D) રૂ. 1569 કરોડ **(B)**

7. 26 જૂન 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના 13 હજારથી વધુ ઉદ્યોગોને કઈ યોજના અંતર્ગત રૂ. 1369 કરોડની સહાય ઓનલાઈન એટ વન ક્લીકથી ઉપલબ્ધ કરાવી હતી ?
(A) મુખ્યમંત્રી ઉદ્યોગ સહાય યોજના (B) મુખ્યમંત્રી MSME સહાય યોજના
(C) મુખ્યમંત્રી ઔદ્યોગિક વિકાસ યોજના (D) આત્મનિર્ભર ગુજરાત પેકેજ **(D)**

8. ભારતની બહાર કયા શહેરમાં વિશ્વની પ્રથમ યોગ યુનિવર્સિટીની સ્થાપના થઈ છે ?
(A) લોસ એન્જેલસ (B) સાન ફ્રાન્સિસ્કો
(C) સાન એન્ટોનિયો (D) લાસ વેગાસ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 27 JUNE, 2020 SATURDAY

### ➤ દિવસ મહિમા : 27 જૂન, MSME DAY

સંયુકત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 27 જૂનના રોજ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 6 એપ્રિલ, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 74મા અધિવેશનમાં 27 જૂનને 'MSME દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 27 જૂન, 2017ના રોજ પ્રથમ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

#### MSMEનું પૂરું નામ શું છે ?

MSMEનું પૂરું નામ 'Micro, Small and Medium-Sized Enterprises' છે.

- તેને ગુજરાતીમાં 'સુક્ષ્મ-લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો' તરીકે ઓળખવામાં આવે છે.

#### ઉદ્દેશ

- સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં 'સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો'ના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

#### વર્ષ 2020ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2020ની MSME દિવસની થીમ 'COVID-19 : The Great Lockdown and its impact on Small Business' છે.

### ➤ ભારતના 272 જિલ્લામાં 'નશા મુકત ભારત અભિયાન'નો પ્રારંભ

26 જૂન 2020ને 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' નિમિત્તે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'નશા મુકત ભારત અભિયાન' (Drug Free India Campaign)નો શુભારંભ કરવામાં આવ્યો છે.




- ભારતમાં કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ભારતના 272 જિલ્લાઓમાં વર્ષ 2020-21 માટે આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ અભિયાનનું સ્લોગન **'નશા મુક્ત ભારત-સશક્ત ભારત'** છે.
- ભારતમાં યુવાનો દ્વારા નશીલી દવાઓનો દુરુપયોગ રોકવા માટે આ અભિયાન અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા સ્કૂલ અને કોલેજમાં નશા મુક્તિ અભિયાન ચલાવવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા નશા મુક્તિ માટે કાર્યરત સંસ્થાઓ માટે ભંડોળ પણ એકઠું કરવામાં આવશે.

## ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'આત્મનિર્ભર ઉત્તરપ્રદેશ રોજગાર અભિયાન'નું ઉદ્‌ઘાટન

26 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભારતમાં **નવી દિલ્હી** ખાતેથી **વીડિયો કોન્ફરન્સ** દ્વારા **'આત્મનિર્ભર ઉત્તરપ્રદેશ રોજગાર અભિયાન'**નું ઉદ્‌ઘાટન કર્યું છે.

- **ઉત્તરપ્રદેશમાં પ્રવાસી શ્રમિકોને રોજગાર ઉપલબ્ધ કરાવવા** માટે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા સ્થાનિક ઉદ્યોગો અને અન્ય સંગઠનોની મદદથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.
- COVID-19 મહામારીને કારણે લગભગ **30 લાખ** જેટલા પ્રવાસી શ્રમિકો અથવા તો વિસ્થાપિત શ્રમિકો ઉત્તરપ્રદેશમાં પોતાના ઘરે પરત ફર્યા છે.
- આથી, ઉત્તરપ્રદેશમાં આવા પ્રવાસી શ્રમિકોને રોજગાર ઉપલબ્ધ કરાવવા, સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા માટે ઔદ્યોગિક સંઘો અને અન્ય સંગઠનો સાથે ભાગીદારી કરવા પર આ અભિયાન અંતર્ગત ભાર મૂકવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'MSME દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(C)**

2. વર્ષ 2020ના 'MSME દિવસ'ની થીમ શું છે ?
   (A) COVID-19 : The Great Lockdown and its impact on Common Man
   (B) COVID-19 : The Great Lockdown and its impact on Migrant worker
   (C) COVID-19 : The Great Lockdown and its impact on Business
   (D) COVID-19 : The Great Lockdown and its impact on Small Business **(D)**

3. 26 જૂન 2020ને 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' નિમિત્તે ભારતમાં યુવાનો દ્વારા નશીલી દવાઓનો દુરુપયોગ રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) નશા મુક્ત ભારત અભિયાન (B) નશા મુક્ત યુવા અભિયાન
   (C) નશા મુક્ત રાષ્ટ્ર અભિયાન (D) રાષ્ટ્રીય નશા મુક્તિ અભિયાન **(A)**

4. 26 જૂન 2020ને 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' નિમિત્તે ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'નશા મુકત ભારત અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) રમતગમત અને યુવા વિકાસ (B) માનવ સંસાધન વિકાસ
(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ (D) સામાજિક ન્યાય અને અધિકારિતા **(D)**

5. ભારતમાં કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલા 'નશા મુક્ત ભારત અભિયાન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતના 172 જિલ્લાઓમાં આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.
2. આ અભિયાનનું સ્લોગન 'નશા મુકત ભારત–સશકત ભારત' છે.
Ans.(A) 1 અને 2 (B) ફકત 1 (C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(C)**

6. 26 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા રાજ્યના પ્રવાસી શ્રમિકો માટે તે રાજ્ય સરકારના રોજગાર અભિયાનનો શુભારંભ કરાવ્યો છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) મધ્યપ્રદેશ (D) રાજસ્થાન **(A)**

7. 26 જૂન 2020ના રોજ ઉત્તરપ્રદેશના પ્રવાસી શ્રમિકો માટે ઉત્તરપ્રદેશના કયા અભિયાનનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શુભારંભ કરાવ્યો છે ?
(A) ઉત્તરપ્રદેશ રોજગાર અભિયાન
(B) ઉત્તરપ્રદેશ આત્મનિર્ભર અભિયાન
(C) ઉત્તરપ્રદેશ પ્રવાસી શ્રમિક રોજગાર અભિયાન
(D) આત્મનિર્ભર ઉત્તરપ્રદેશ રોજગાર અભિયાન **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સૌરાષ્ટ્રના પનોતા પુત્રી પદ્મ શ્રી વિદ્યાબેન શાહનું દિલ્હી ખાતે નિધન

સ્વતંત્રતા સેનાની, પ્રસિદ્ધ સમાજ સેવિકા અને ગુર્જર નારીનું ગૌરવ એવા પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા સુશ્રી વિદ્યાબેન મનુભાઈ શાહનું જૂન 2020 દરમિયાન 98 વર્ષની વયે દિલ્હી ખાતે નિધન થયું છે. 7 નવેમ્બર, 1922ના રોજ ગુજરાતના સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે તેમનો જન્મ થયો હતો. હિંદ છોડો ચળવળમાં તેઓ અનેક વખત જેલ ગયા હતા. તેઓ ઈન્ડિયન કાઉન્સિલ ફોર ચાઈલ્ડ વેલ્ફેરના 12 વર્ષ પ્રમુખ રહયા હતા. તેમણે ભારતમાં સૌપ્રથમ રાજકોટ ખાતે બાલભવનની સ્થાપના કરી હતી. અને ત્યારબાદ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ સાથે મળીને ભારતના અનેક શહેરોમાં બાલભવનની સ્થાપના કરી હતી. અને તેઓ જીવનના અંત સુધી રાજકોટ બાલભવનના ચેરમેન રહયા હતા. આ ઉપરાંત તેમણે દિલ્હીમાં સરદાર પટેલ વિદ્યાલય અને ત્રિવેણી કલા સંગમની સ્થાપના પણ કરી હતી. તેઓ દિલ્હી ગુજરાતી સમાજના ચાર દાયકા સુધી પ્રમુખ પણ રહયા હતા. ભારત સરકાર દ્વારા 1992માં તેમને 'પદ્મ શ્રી' અને બાળ કલ્યાણ માટે 1986માં તેમને 'રાષ્ટ્રીય એવોર્ડ' થી નવાજવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ ઉત્તરપ્રદેશનું કુશીનગર એરપોર્ટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જાહેર

24 જૂન 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ઉત્તરપ્રદેશના કુશીનગર એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે જાહેર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ ઉત્તરપ્રદેશના કુશીનગર એરપોર્ટને હવે આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો મળી ગયો છે. ઉત્તરપ્રદેશમાં

કુશીનગર જિલ્લાના કુશીનગર ખાતે આ એરપોર્ટ આવેલું છે. તેને 'કસિયા એરપોર્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો મળતા બુદ્ધ સર્કિટના વિકાસમાં ફાયદો થશે. કારણ કે કુશીનગર કપિલવસ્તુ, શ્રાવસ્તી અને લુમ્બિની જેવા અનેક બુદ્ધ તિર્થસ્થળો આ એરપોર્ટની નજીકમાં આવેલા છે.

## ➤ ભારતમાં 'પ્રધાનમંત્રી શીશુ મુદ્રા લોન'ના વ્યાજમાં 2 ટકાની રાહત

24 જૂન 2020ના રોજ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 'પ્રધાનમંત્રી શીશુ મુદ્રા લોન'ના વ્યાજમાં 2 ટકાની છૂટ આપવાના નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત ભારતમાં 'પ્રધાનમંત્રી શીશુ મુદ્રા લોન'ના વ્યાજમાં 1 વર્ષ સુધી 2 ટકાની છૂટ આપવામાં આવશે. સરકારના આ નિર્ણયથી કોવિડ-19ની મહામારી દરમિયાન નાના વેપારીઓને લાભ થશે. 31 માર્ચ 2020 સુધીમાં જે લોકોની લોન બાકી હોય તેવા યોગ્ય લાભાર્થીને આ યોજનાનો લાભ મળશે. ભારતમાં બિન કોર્પોરેટ, બિન કૃષિ નાના અને સૂક્ષ્મ ઔદ્યોગિક એકમોને રૂ. 50,000થી રૂ. 10 લાખ સુધીની લોન ઉપલબ્ધ કરાવવા 8 એપ્રિલ, 2015ના રોજ 'પધાનમંત્રી મુદ્રા યોજના'નો પ્રારંભ થયો હતો. આ યોજના અંતર્ગત નીચે પ્રમાણે ત્રણ પ્રકારની લોન આપવામાં આવે છે :

**પ્રધાનમંત્રી મુદ્રા યોજના**

| ક્રમ | પ્રકાર | લોનની રકમ રૂપિયામાં |
|---|---|---|
| 1 | શીશુ | 50,000 સુધી |
| 2 | કિશોર | 50,001 થી 5 લાખ સુધી |
| 3 | તરુણ | 5,00,001 થી 10 લાખ સુધી |

## ➤ ભારતમાં રણજીત ટ્રોફી ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતના પ્રસિદ્ધ સ્પિનર શ્રી રાજિન્દર ગોયલનું નિધન

ભારતીય ઘરેલુ ક્રિકેટના દિગ્ગજ ખેલાડી અને પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી રાજિન્દર ગોયલનું 21 જૂન 2020ના રોજ હરિયાણાના રોહતક ખાતે 77 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ 20 સપ્ટેમ્બર 1942ના રોજ ભારતના વર્તમાન હરિયાણાના નરવાણામાં થયો હતો. ભારતમાં રણજી ટ્રોફી ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ તેમના નામે હતો. તેમણે પટિયાલા, દક્ષિણ પંજાબ, દિલ્હી અને હરિયાણા તરફથી રણજી ટ્રોફીમાં ભાગ લીધો હતો. જોકે, તેઓ ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ તરફથી એક પણ મેચ રમ્યા ન હતા.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિશ્વ

### ➤ ઈંગ્લેન્ડની પ્રસિદ્ધ મેરીલેબોન ક્રિકેટ કલબના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે સુશ્રી કલેયર કોનોરની નિમણૂક

ઈંગ્લેન્ડના લંડનમાં 1787માં સ્થપાયેલી મેરીલેબોન ક્રિકેટ કલબ (Marylebone Cricket Club-MCC)ના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ઈંગ્લેન્ડના પૂર્વ મહિલા કેપ્ટન સુશ્રી કલેયર કોનોરની નિમણૂક કરવામાં આવી છે. MCCના નવા અધ્યક્ષ તરીકે સુશ્રી કલેયર કોનોર શ્રીલંકાની ટીમના પૂર્વ કેપ્ટન શ્રી કુમાર સંગાકારાનું સ્થાન લેશે. MCCના આશરે 233 વર્ષના ઈતિહાસમાં આ કલબના અધ્યક્ષ તરીકે પ્રથમ વખત કોઈ મહિલાની નિમણૂક કરવામાં આવી છે.

### ➤ રશિયાની 75મી 'વિજય દિવસ પરેડ'માં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ ઉપસ્થિત રહયા

24 જૂન 2020ના રોજ રશિયાની રાજધાની મોસ્કોના લાલ ચોક ખાતે રશિયાની 75મી 'વિજય દિવસ પરેડ'નું આયોજન થયું હતું. રશિયામાં યોજાયેલી આ પરેડમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ ઉપરાંત ભારતની ત્રણેય સેનાના 75-75 સભ્યોના દળોએ ભાગ લીધો હતો. 1941થી 1945 દરમિયાન થયેલા બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મની પર મેળવેલા વિજયને 75 વર્ષ પૂરા થવાના પ્રસંગે રશિયામાં આ ભવ્ય પરેડનું આયોજન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ જર્મન બુક ટ્રેડ દ્વારા વર્ષ 2020ના શાંતિ પુરસ્કાર માટે શ્રી અમર્ત્ય સેનની પસંદગી

જર્મનીના પ્રકાશકો અને પુસ્તક વેચનારાઓના સંગઠન જર્મન બુક ટ્રેડ દ્વારા વર્ષ 2020ના શાંતિ પુરસ્કાર માટે ભારતીય અર્થશાસ્ત્રી અને ફિલોસોફર શ્રી અમર્ત્ય સેનની પસંદગી કરવામાં આવી છે. સમગ્ર વિશ્વમાં ફેલાયેલા સામાજિક અન્યાયને વાચા આપવા માટે શ્રી અમર્ત્ય સેનને આ પુરસ્કાર એનાયત થયો છે. શ્રી અમર્ત્ય સેનને આ અગાઉ વર્ષ 1998માં અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર અને 1999માં ભારત રત્ન પુરસ્કાર પણ એનાયત થયો હતો.

ICE Questions

➤ પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા સુશ્રી વિદ્યાબેન શાહનું તાજેતરમાં નિધન થયું છે... તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સમાજ સેવા

➤ પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા ભારતના પ્રસિદ્ધ સમાજ સેવિકા સુધી વિદ્યાબેન શાહનું દિલ્હી ખાતે નિધન થયું છે... તેમનો જન્મ કયાં થયો હતો ? – રાજકોટ (ગુજરાત)

➤ ભારતમાં સૌપ્રથમ રાજકોટમાં બાલભવનની સ્થાપના કરનાર કયા મહાનુભાવનું તાજેતરમાં નિધન થયું છે ? – સુશ્રી વિદ્યાબેન શાહ

➤ સૌરાષ્ટ્રના પનોતા પુત્રી સુશ્રી વિદ્યાબેન શાહનું દિલ્હી ખાતે નિધન થયું છે... તેમને કયા પ્રસિદ્ધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

– પદ્મ શ્રી અને બાળકલ્યાણ માટે રાષ્ટ્રીય એવોર્ડથી

➤ 24 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કયા એરપોર્ટને 'આંતરરાષ્ટ્રીય એરપોર્ટ'નો દરજ્જો આપવામાં આવ્યો છે ? – કુશીનગર એરપોર્ટ

➤ તાજેતરમાં ભારતમાં કુશીનગર એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે...આ એરપોર્ટ ભારતના કયા રાજ્યમાં આવેલું છે ? – ઉત્તરપ્રદેશ

➤ 24 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં 'પ્રધાનમંત્રી શીશુ મુદ્રા લોન'ના વ્યાજદરમાં કેટલા ટકાની છૂટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 2 ટકા

➤ ભારતમાં 'પ્રધાનમંત્રી શીશુ મુદ્રા યોજના' હેઠળની લોનમાં કેટલા સમય માટે વ્યાજમાં 2 ટકા છૂટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 1 વર્ષ

➤ ભારતમાં પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગતની નીચેનામાંથી કઈ લોનમાં વ્યાજમાં 2 ટકા છૂટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

(A) પ્રધાનમંત્રી શીશુ મુદ્રા યોજના

(B) પ્રધાનમંત્રી કિશોર મુદ્રા યોજના

(C) પ્રધાનમંત્રી તરુણ મુદ્રા યોજના

(D) ઉપરોકત ત્રણેય – Ans. (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતમાં 'પ્રધાનમંત્રી શીશુ મુદ્રા યોજના' અંતર્ગત તાજેતરમાં વ્યાજમાં 1 વર્ષ માટે 2 ટકાની છૂટ આપવામાં આવી છે... આ યોજના અંતર્ગત કેટલા રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે ? – રૂ. 50,000
- શ્રી રાજિન્દર ગોયલનું તાજેતરમાં નિધન થયું છે.... તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ
- ભારતમાં રણજીત ટ્રોફી ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર ભારતના પ્રસિદ્ધ સ્પિનર શ્રી રાજિન્દર ગોયલનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ? – હરિયાણા
- MCC અથવા તો મેરીલેબોન ક્રિકેટ કલબના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી કલેયર કોનોર
- તાજેતરમાં રશિયાની કેટલામી 'વિજય દિવસ પરેડ'માં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ ઉપસ્થિત રહયા હતા ? – 75મી
- બીજા વિશ્વ યુદ્ધમાં કયા દેશ સામે થયેલા વિજયની યાદમાં રશિયાના મોસ્કો ખાતે આવેલા ઐતિહાસિક લાલ ચોકમાં યોજાયેલી 'વિજય દિવસ પરેડ'માં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ ઉપસ્થિત રહ્યા હતા ? – જર્મની
- જર્મનીના પ્રકાશકો અને પુસ્તક વેચનારાઓના સંગઠન જર્મન બુક ટ્રેડ દ્વારા વર્ષ 2020ના શાંતિ પુરસ્કાર માટે કયા મહાનુભાવની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી અમર્ત્ય સેન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતમાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા 'Border Area Development Programme' અંતર્ગત કયા દેશ સાથે જોડાયેલા સરહદી વિસ્તારોને સુદઢ બનાવવા માટે નવી ગાઈડલાઈન પ્રસિદ્ધ કરવામાં આવી છે ? – ચીન
2. ભારતના કયા રેલવે સ્ટેશન પર વિશ્વનું સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ તૈયાર થઈ રહયું છે ? – હુબલી સ્ટેશન, કર્ણાટક

   (જોકે, હાલ ઉત્તરપ્રદેશના ગોરખપુર રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ વિશ્વનું સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ છે. હુબલી સ્ટશેનના નિર્માણ બાદ ગોરખપુર વિશ્વનું બીજા નંબરનું સૌથી લાંબુ પ્લેટફોર્મ બની જશે.)
3. 21 જૂન, 2020ના રોજ કયું સૂર્યગ્રહ જોવા મળ્યું હતું ? – કંકણાકૃતિ સૂર્યગ્રહ
4. 19 જૂન, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં માણસા, લાખણી, સંખેડા અને કુકરમુંડા બસમથકો તથા કચ્છના નલિયા અને બોટાદના ગઢડા બસ ડેપો તેમજ અમરેલીમાં ST કર્મચારીઓની વસાહતનું કયાંથી લોકાર્પણ કરાવ્યું હતું ? – ગાંધીનગર

   (ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાનેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમણે જામનગર RTO તેમજ દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, આણંદ અને છોટાઉદેપુરની ARTO કચેરીઓનું પણ ઈ–લોકાર્પણ કરાવ્યું હતું.)
5. 19 જૂન, 2020ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં નાગરિકોને પર્યાવરણપ્રિય વાહન–વ્યવહાર સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કેટલી નવી E બસો સેવામાં મૂકવાની જાહેરાત કરી હતી ? – 50
6. લોકડાઉનની સ્થિતિમાં 30 જૂન 2020 સુધીમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં NSFA પરિવારોને રેશન કાર્ડ દ્વારા કયા મહિના માટે વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

– એપ્રિલ, મે અને જૂન (એમ સતત 3 મહિના સુધી)

7. ગુજરાતમાં વસવાટ કરતા એવા શ્રમિકો કે જેમની પાસે રેશન કાર્ડ નથી...તેમને ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત એપ્રિલ અને મે 2020 દરમિયાન વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું ? – 'અન્નબ્રહ્મ' અથવા તો 'અન્નબ્રહ્મ આત્મનિર્ભર ભારત'

8. જૂન 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ સંસ્થાઓમાં તાલીમ મેળવતા 1 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ઘેર બેઠા અભ્યાસ–તાલીમ માટેના મટિરિયલનું ઈ–લોન્ચીંગ કર્યું હતું ?

7. ગુજરાતમાં વસવાટ કરતા એવા શ્રમિકો કે જેમની પાસે રેશન કાર્ડ નથી...તેમને ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત એપ્રિલ અને મે 2020 દરમિયાન વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું ? – 'અન્નબ્રહ્મ' અથવા તો 'અન્નબ્રહ્મ આત્મનિર્ભર ભારત'

8. જૂન 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની કઈ સંસ્થાઓમાં તાલીમ મેળવતા 1 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ઘેર બેઠા અભ્યાસ–તાલીમ માટેના મટિરિયલનું ઈ–લોન્ચીંગ કર્યું હતું ? – ITI

9. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશ અનુસાર 30 મે 2020 બાદ માત્ર 15 દિવસમાં જ ગુજરાતના MSME એકમોને વિવિધ બેન્કો દ્વારા કેટલા રૂપિયાની લોન સહાય આપવામાં આવી છે ? – રૂ. 2428 કરોડ

10. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશ અનુસાર 30 મે 2020 બાદ માત્ર 15 દિવસમાં જ ગુજરાતના કયા ઔદ્યોગિક એકમોને વિવિધ બેન્કો દ્વારા રૂ. 2428 કરોડની લોન સહાય આપવામાં આવી છે ? – MSME

11. 'ફિફા મહિલા ફૂટબોલ વર્લ્ડકપ-2023'ની યજમાની માટે કયા દેશની પસંદગી કરવામાં આવી છે ? – ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ

(સંયુક્ત રીતે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં 10 જુલાઈથી 20 ઓગસ્ટ 2023 દરમિયાન 'ફિફા મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ-2023' યોજાશે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં પ્રથમ વખત આ મહિલા વર્લ્ડ કપનું આયોજન થશે. જાપાને આ વર્લ્ડ કપની યજમાની માટેની દાવેદારી પાછી ખેંચી લેતા ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડને આ યજમાન પદ મળ્યું છે.)

12. પશુપાલકોને લાભ થાય તે માટે ભારતના કયા રાજ્યમાં 'ગોધન ન્યાય યોજના' શરૂ કરવામાં આવશે ? – છત્તીસગઢ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી ભૂપેશ બઘેલે કરેલી જાહેરાત અનુસાર છત્તીસગઢમાં આગામી 'હરેલી પર્વ'થી આ યોજનાનો પ્રારંભ થશે. 'હરેલી પર્વ'ને 'હરિયાળી પર્વ' તરીકે પણ ઓળખવામાં આવે છે. છત્તીસગઢમાં આ તહેવારની ઉજવણી પ્રથમ તહેવાર તરીકે થાય છે. શ્રાવણ મહિનાની અમાસના રોજ આ તહેવાર ઉજવાય છે.)

13. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતના 6 રાજ્યોના 116 જિલ્લામાં લોન્ચ કરવામાં આવેલા 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' અંતર્ગત ભારતીય રેલવે દ્વારા આશરે રૂ. 1800 કરોડની માળખાગત સુવિધાઓના નિર્માણ માટે કેટલા માનવ દિવસની રોજગારીનું સર્જન કરવામાં આવશે ? – 8 લાખ

14. તાજેતરમાં કયા દેશે હિંદ મહાસાગરમાં એક કાયમી સૈન્ય બેઝ સ્થાપવાનો નિર્ણય કર્યો છે ? – ઈરાન

(ઈરાનના ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સ -IRGC દ્વારા હિંદ મહાસાગરમાં માર્ચ 2021 સુધીમાં કાયમી લશ્કરી થાણું સ્થાપવાની યોજના છે.)

15. ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને 'ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી'ની કઈ મોબાઈલ એપનો તાજેતરમાં શુભારંભ કરાવ્યો છે ? – e Blood Services

16. ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા 'મુખ્યમંત્રી ડિસ્ટન્સ એજ્યુકેશન પ્રોગ્રામ' અંતર્ગત 'જીયો ટીવી' સાથે કરાર કરીને સ્કૂલના બાળકોને 'જીયો ટીવી' દ્વારા ઓનલાઈન શિક્ષણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – હરિયાણા

17. જરૂરતમંદોને રાહત દરે બે ટંક પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવવા માટે ભારતના કયા રાજ્યમાં 'ઈન્દિરા રસોઈ યોજના' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – રાજસ્થાન

(રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગહેલોતે કરેલી જાહેરાત અનુસાર આ યોજના અંતર્ગત રાજસ્થાનમાં દર વર્ષે રૂ. 100 કરોડનો ખર્ચ કરવામાં આવશે. તમિલનાડુની 'અમ્મા રસોઈ યોજના'ની તર્જ પર રાજસ્થાનમાં આ યોજના લોન્ચ કરવામાં આવી છે.)

18. તાજેતરમાં કયા દેશે યુનાઈટેડ નેશન્સની 'Arms Trade Treaty' (ATT) – 'શસ્ત્ર વ્યાપાર સંધિ'માં શામેલ થવાનો નિર્ણય કર્યો છે ? – ચીન

19. તાજેતરમાં કયા દેશે તેની 'બાઈડુ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ' માટે અંતિમ 55મો ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે ? – ચીન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(ચીનના સિચુઆન પ્રાંતમાં આવેલા જિચાંગ સેટેલાઈટ લોન્ચ સેન્ટર પરથી 23 જૂન, 2020ના રોજ આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.)

20. પેલેસ્ટાઈનના શરણાર્થીઓ માટે ભારત UNRWA એટલે કે United Nations Relief and Works Agency for Palestine Refugees in the Near East નામની સંસ્થાને આગામી બે વર્ષમાં કેટલા રૂપિયાની સહાય કરશે ? – રૂ. 1 કરોડ ડોલર

21. 'આંતરરાષ્ટ્રીય વિધવા દિવસ' (International Widows' Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 23 જૂન

22. 24 માર્ચ 2020ના રોજ પ્રસિદ્ધ થયેલા IMFના રિપોર્ટ અનુસાર વર્ષ 2020માં ભારતના GDP વૃદ્ધિ દરમાં કેટલા ટકાનો ઘટાડો થવાની સંભાવના છે ? – 4.5 ટકા

(જોકે, IMF અનુસાર વર્ષ 2021માં ભારતનો આર્થિક વિકાસ દર વધીને 6 ટકા થવાની સંભાવના છે.)

23. ઉત્તરાખંડ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી વસીમ જાફર

24. પતંજલિ આયુર્વેદ દ્વારા લોન્ચ કરવામાં આવેલી COVID-19 માટેની આયુર્વેદિક દવાનું નામ શું છે ? – કોરોનિલ

25. 'આત્મનિર્ભર ભારત અભિયાન'ને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં કેન્દ્ર સરકારે કયા પોર્ટલ પર વેચાણ માટે મૂકવામાં આવતી દરેક વસ્તુ પર 'તે સામાન કયા દેશમાં બન્યો છે' તેની માહિતી આપવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે ? – GeM અથવા તો Government e Marketplace

26. શહેરના અકુશળ શ્રમિકોને રોજગારી આપવા માટે ભારતના કયા રાજ્યમાં મનરેગાની તર્જ પર 'મુખ્યમંત્રી શ્રમિક' યોજના નામની શહેરી રોજગાર ગેરંટી યોજના લોન્ચ કરવામાં આવશે ? – ઝારખંડ

(ભારતમાં કેરળ બાદ ઝારખંડ શહેરી રોજગાર ગેરંટી યોજના શરૂ કરનાર ભારતનું બીજું રાજ્ય બનશે. ઝારખંડના મુખ્યમંત્રી શ્રી હેમંત સોરેને આપેલા દિશાનિર્દેશ અનુસાર આ યોજના અંતર્ગત શહેરી વિસ્તારોના અકુશળ શ્રમિકોને વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે.)

27. વર્ષ 2021માં ભારત કયા એક મહિના માટે United Nations Security Council

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ)નું અધ્યક્ષ બનશે ? – ઓગસ્ટ 2021

28. ભારતના કયા રાજ્યમાં સેના તથા અર્ધસૈનિક દળોના શહીદોના પરિવારને રૂ. 50 લાખની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ઉત્તરપ્રદેશ
(ઉત્તરપ્રદેશમાં આ અગાઉ રૂ. 25 લાખની સહાય આપવામાં આવતી હતી. જે વધારીને હવે રૂ. 50 લાખ કરવામાં આવી છે.)

29. COVID-19ની સ્થિતિમાં રોજગારીના સર્જન માટે વર્લ્ડ બેન્કે તાજેતરમાં કયા દેશ માટે 1.05 બિલિયન અમેરિકન ડોલરની સહાય મંજૂર કરી છે ? – બાંગ્લાદેશ

30. ઝિમ્બાબ્વેમાં ભારતના નવા રાજદૂત તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી વિજય ખંડૂજા

31. મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડ (MCL) દ્વારા ભારતના કયા રાજ્યમાં રૂ. 60,000 કરોડનું રોકાણ કરવાની યોજના બનાવવામાં આવી છે ? – ઓડિશા

32. ભારતના કયા રાજ્યમાં આગામી 90 દિવસમાં રાજ્યના દરેક ઘરમાં કોરોના ટેસ્ટિંગ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – આંધ્રપ્રદેશ
(કોરોના વાઈરસના ટેસ્ટિંગની બાબતમાં આંધ્રપ્રદેશ સમગ્ર દેશમાં પ્રથમ હોવાનું કહેવાય છે.)

33. Indian Weightlifting Federation (IWF)એ તાજેતરમાં કયા દેશના સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે ? – ચીન

34. તાજેતરમાં કયા દેશના ફૂટબોલ સંઘે વર્ષ 2023ના ફિફા મહિલા વર્લ્ડ કપની યજમાની માટેની દાવેદારી પાછી ખેંચી લેતા વર્ષ 2023ના વર્લ્ડ કપના યજમાન દેશ તરીકે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની પસંદગી કરવામાં આવી છે ? – જાપાન

35. જૂન 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની 'ધ રિયલ ટાઈમ બિલિયોનર્સ લિસ્ટ'ની યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મુકેશ અંબાણી કયા ક્રમે છે ? – 9મા
(આ યાદીમાં એમેઝોનના શ્રી જેફ બેજોસ પ્રથમ ક્રમે છે. જ્યારે માઈક્રોસોફટના શ્રી બિલ ગેટ્સ બીજા અને ફ્રાન્સના શ્રી બર્નાર્ડ અર્નોલ્ટ અને તેમનો પરિવાર આ યાદીમાં ત્રીજા ક્રમે છે.)

36. ભારતના કયા રાજ્યની સરકારે વિવિધ પ્રવૃત્તિઓ આધારિત શિક્ષણ પહેલ 'એકટૂ ખેલો, એકટૂ પઢો' (Ektu Khelo, Ektu Padho) શરૂ કરવાની જાહેરાત કરી છે ?
– ત્રિપુરા

37. જૂન 2020 દરમિયાન કયા દેશે ચીન, વિયેતનામ અને કોરિયા પાસેથી કેટલાક ચોક્કસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

પ્રકારના સ્ટીલ ઉત્પાદનોની આયાત પર **Anti Dumping Duty** લેવાની જાહેરાત કરી છે ?

– ભારત

**38.** પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં કયા પ્રથમ હિન્દુ મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો છે ?

– શ્રી કૃષ્ણ મંદિર

**39.** વિઝડન ઈન્ડિયા દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા એક સર્વેમાં ભારતના છેલ્લા 50 વર્ષના ટેસ્ટ ઈતિહાસના શ્રેષ્ઠ બેટ્સમેન તરીકે કયા ખેલાડીને સૌથી વધુ વોટ મળ્યા છે ?

– શ્રી રાહુલ દ્રવિડ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT